॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે - સળંગ અંક ૪૩૪ જાન્યુઆરી - ૨૦૨૨

રૂા. ૫/૦૦


## ગામ કેરાનાં અ.નિ.સાં.યો. નાનબાઈની પુણ્ય સ્મૃતિમાં તેમના શિષ્ય મંડળના મુખ્ય યજમાન પદે સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવનું આયોજન કરાયું-ભુજ



## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કંપાલા મંદિરનું સ્થળાંતર કરી નવનિર્માણ થઈ રહેલ નવા મંદિરના બેસમેન્ટમાં શ્રી ઠાકોરજીની પધરામણી કરવામાં આવી - કંપાલા









## શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ યુ.કે.ના યુવક-યુવતીઓ માટે 'સમત્વ' શિબિર યોજાઈ - લંડન









॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૭ કુલ અંક-૧૯૭

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૦ અંક-૬ જાન્યુઆરી-૨૦૨૨
વર્ષ : ૩૮ - સળંગ અંક-૪૩૪

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છાપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ, શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીન: ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith


## અનુક્રમણિકા


- તંત્રીની કલમે ૪
- યુવાનોમાં દેશપ્રેમ, કર્મમાં નૈતિક્તા ૫
- ધામમાં નથી આવવું તો શું ગામમાં આંટા મારવા છે ? ૬
- શિક્ષાપત્રી ૭
- ઉત્તરાયણ-મકરસંક્રાંતિ - દાનપર્વ ૯
- ધન્ય છે કચ્છ પ્રદેશના શૂરવીર ક્ષત્રિઓને ૧૨
- ગોવર્ધનના પરચાની વાત ૧૩
- ધર્મ વગર ખોટ !! ૧૪
- વ્યક્તિની ઓળખ ૧૫
- શ્રી નરનારાયણદેવનો મહિમા ૧૬
- સંત્સગ સમાચાર-દેશ ૧૯
- સંત્સગ સમાચાર-વિદેશ ૩૦
- શ્રી ઘનશ્યામ બાળસંદેશ ૩૧


**લેખકોને ખાસ વિનંતી**


- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

# તંત્રીની કલમે



સમૂહ ભાગવત કથા પારાયણ નિમિત્તે પધારેલા પોથી યજમાન હરિભક્તો સાંજે કથા વિરામ પછી સંતોનાં સાંનિધ્યમાં બેસતા અને સત્સંગસભા યોજાઈ હતી. આવી સભામાં પ્રશ્નોત્તરી દ્વારા સંસ્કારો અને માનવમૂલ્યોની ચર્ચા ચાલતી હતી. સ્વામીએ પ્રશ્ન મૂક્યો કે દુનિયામાં મુશ્કેલમાં અતિ મુશ્કેલ દુષ્કર કાર્ય (બાબત) ક્યું છે? સભામાંથી સામાજિક, ધાર્મિક, ભૌતિક વગેરે બાબતોના જવાબો આપતા ગયા. કચ્છ શ્રી નરનારાયણદેવના એક યુવક સભ્યે વિનમ્રભાવે રજૂઆત કરી કે ધૈર્ય, અથાક પરિશ્રમ, દઢ નિશ્ચય અને લગાતર કોશિશ કરવાથી મુશ્કેલ કાર્ય સરળ થઈ શકે છે. પરંતુ સ્વામીનો પ્રશ્ન એ છે કે મુશ્કેલમાં અતિ મુશ્કેલ દુષ્કર કાર્ય (બાબત) ક્યું છે? મારી દષ્ટિએ વિશ્વમાં અતિ મુશ્કેલ દુષ્કર કાર્ય પોતાની નજર સમક્ષ માતા - પિતાને વૃદ્ધ અને કમજોર થતા જોવું પડે તે છે. આવા સમયે દુઃખ અન દર્દ તેની ચરમસીમાએ પહોંચી જાય છે અને મજબૂર થઈને તેને માત્ર જોતા રહીને સ્વીકારવા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો નથી. આ એ મુકામ છે કે તમે ઘણું બધું કરવા ઈચ્છતા હો તો પણ વિવસ થઈને કશું કરી શકતા નથી, કુદરતના આ લખાણને બદલી શકતા નથી, લેખને રોકી શકતા નથી. મા - બાપને વૃદ્ધ અને અશક્ત થતા જોવા, તેમને બિમારીની પીડાથી મુક્તિ મેળવવા હોસ્પિટલોના ધક્કા ખાતા જોવા, તબીબોને આજીજી કરતા જોવા, તેમના ચહેરા અને શરીર પર કરચલીઓ પડતી જોવી, તેમની આંખોની રોશની ઓછી થતી જોવી, તેમને ચાલવા - હરવા - ફરવામાં મુશ્કેલી પડતી જોવી અને અંતે એક દિવસ હંમેશાં ને માટે ચિર વિદાય લેતા જોવા. મારી નજરમાં વિશ્વનું આ અતિ મુશ્કેલ દુષ્કર કાર્ય છે. ચાલવાનું શીખવનાર જ્યારે ચાલવાને સમર્થ નથી રહેતા ત્યારે હૃદય દર્દ અને પીડાથી ભરાઈ જાય છે. સહારો આપનારને જ્યારે પોતાને સહારાની જરૂર પડે છે તે જોઈને ઈન્સાન ડગમગી જાય છે. રસ્તા બતાવનારને જ્યારે રસ્તા નથી સૂઝતા ત્યારે માર્ગ વેરાન લાગે છે. બોલતાં શીખવનાર જ્યારે ખામોશ થઈ જાય છે ત્યારે અવાજ અને શબ્દોનો કોઈ અર્થ નથી રહેતો અને દુનિયામાં લાવનાર જ્યારે દુનિયામાં નથી રહેતા ત્યારે વિશ્વ અંધેર થઈ જાય છે. મારા એક મિત્રએ મને પૂછયું કે શ્રીજી મહારાજ તને કંઈ માંગવાનું કહે તો તું શું માંગીશ? ત્યારે મેં જવાબ આપ્યો કે હું મારા ઈશ્વરને કહીશ કે હે કૃપાનિધાન, હે ઘનશ્યામ મહારાજ, દુનિયામાં કયારેય કોઈના માતા - પિતાને વૃદ્ધ અને અશકત, નિરાધાર અને લાચાર ન કરશો. હું એમ નથી કહેતો કે તેમનું આયુષ્ય વધારી દો પણ તેમની જેટલી પણ જિંદગી હોય તેને નિરોગી, સ્વસ્થ, તંદુરસ્ત અને ખુશહાલ રાખજો. તે સિવાય હું કોઈ ઈચ્છા નથી રાખતો અન્ય કોઈ પણ ઈચ્છા નથી રાખતો.

યુવકના વિચારોથી સભા પ્રભાવિત અને ગંભીર થઈ ગઈ. સ્વામીએ જણાવ્યું કે આપણી પ્રાચીન સંસ્કૃતિઅને પરંપરાઓ માતા - પિતાને દેવ તુલ્ય ગણે છે એ વાત સદાય સ્મરણ રહેવી જોઈએ.

જય શ્રી સ્વામિનારાયણ!

# યુવાનોમાં દેશપ્રેમ, કર્મમાં નૈતિકતા. આધ્યાત્મિક સંસ્કારનું સિંચન અને જીવનમાં સકારાત્મક ઉર્જા ભરનાર કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક - યુવતી મંડળની ૧૮. મી સત્સંગ શિબિર યોજાઈ

ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા પ્રતિવર્ષે લાભ પાંચમથી પંચદિનાત્મક સત્સંગ શિબિરનું આયોજન થાય છે. આ વર્ષની શિબિરમાં એક અત્યંત મહત્ત્વપૂર્ણ વિષય ઉપર ચિંતનાત્મક વિમર્શ થયો. જેમ માનવીને જીવનના વિકાસમાં શિક્ષણનું જેટલું મહત્ત્વ છે એટલું જ દેશપ્રેમ, કર્મમાં નૈતિકતા, આધ્યાત્મિક સંસ્કાર અને સકારાત્મક ઉર્જાની પણ અત્યંત જરુર છે. માત્ર અક્ષરજ્ઞાનથી કે મોટી સર્ટીફિકેટ પ્રાપ્ત કરવાથી જીવન સાર્થક થતું નથી. જ્યાં સુધી ભણેલી વિદ્યા દેશની આર્થિક અને સાંસ્કૃતિક પ્રગતિમાં ઉપયોગી થતી નથી ત્યાં સુધી ભણતર ભાર રૂપ છે. ભણેલી વિદ્યા પોતાની અને દેશની પ્રગતિમાં ઉપયોગ થાય તો જ તેની સાર્થકતા છે. આજે ભાષાજ્ઞાન અને ડીગ્રીઓ માટે અનેક વિદ્યાલયો, મહાવિદ્યાલયો છે પરંતુ તેની સાથે ઉપરોક્ત સંસ્કાર આપવામાં આવે તો જ દેશમાં ઉદ્ભવતી અનેક પ્રકારની સમસ્યાઓનું સમાધન આપોઆપ થઇ જાય. ભારતદેશ વર્ષોથી શિક્ષણ, સંસ્કાર અને આધ્યાત્મિકતામાં આગળ વધી રહ્યો છે તેનું જો કોઇ કારણ હોય તો આપણા ઋષિઓની ગુરુકુળ પરંપરા તથા સદ્‌ગુરુ સાધુ-સંતોની સંસ્કારની પરંપરા છે. આજે પણ બન્ને પરંપરાઓને સંતો ચલાવી રહ્યા છે.

ધર્મસેવા અને સમાજસેવા કરનાર અનેક મઠ-મંદિરો અને આશ્રમો છે. તે પૈકી કચ્છ ભુજમાં આવેલ શ્રીસ્વામિનારાયણ મંદિર પણ અનેક ક્ષેત્રોમાં સેવા કરી રહ્યું છે. પરંતુ આ મંદિરના સંતોની એક ખાસ વિશેષતા રહી છે કે પ્રતિ વર્ષે સત્સંગ શિબિરનું આયોજન કરે છે. કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક -યુવતીની આ શિબિરમાં સમગ્ર દેશમાંથી બે હજારથી અધિક યુવાનો અને યુવતીઓ પ્રતિ વર્ષે ભાગ લેતા હોય છે. છેલ્લા અઢાર વર્ષથી આ પરંપરા વિષેશ રૂપથી શરૂ થઇ છે. શિબિરમાં ભાગ લેનાર યુવાનોને સદ્‌ગુરુ સંતો દ્વારા ન માત્ર ધાર્મિક સંસ્કાર આપવામાં આવે છે. પરંતુ વર્તમાન સમયને ધ્યાનમાં રાખીને સમાજમાં સમરસતા, સકારાત્મક વિચાર, સકારાત્મક કાર્ય અને દેશની પ્રગતિ માટે આપણે શું યોગદાન આપી શકીએ ? તેના વિષે ખૂબ ચિન્તનાત્મક બોધ આપવામાં આવે છે. આજની આ ભાગદોડની જીંદગીમાં દેશનું યુવાધન નવયુવાનો અને ભવિષ્યનિધિ બાળકો કેવી રીતે બે ઘડી શ્વાસ લઇ શકે અને પોતાના મોક્ષ માટે અને દેશની પ્રગતિ માટે સમય આપી શકે ? તે માટે ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરના દીર્ઘદૃષ્ટા સદ્‌ગુરુ સંતોએ વર્ષો પહેલાં વિચારીને સૌ પ્રથમ ગુરુકુળો અને વિદ્યાલયોની સ્થાપના કરીને તેની પરંપરા ચલાવી અને ત્યાર પછી સત્સંગ શિબિરોની પરંપરા ચલાવી છે. ગુરુકુળ અને સત્સંગ શિબિર એકબીજાના પૂરક છે. ગુરુકુળમાં બાળકોને શિક્ષણ સાથે પાયાના સંસ્કાર અપાય અને શિબિરમાં યુવાનોને શિખર સુધી પહોંચવાના સંસ્કાર અપાય છે. આ જ આપણી ભારતીયતાની વિશેષતા છે. વિવિધ ક્ષેત્રોમાં અનેક વિષયક શિબિરો થતી હોય છે. જેમ કે સૈનિકોને માટે શસ્ત્ર પ્રશિક્ષણવર્ગ શિબિર, ખેલાડીઓ માટે ખેલ

પ્રશિક્ષણવર્ગ શિબિર, મહિલાઓ માટે ગૃહકાર્ય પ્રશિક્ષણવર્ગ શિબિર. તેવી જ રીતે દરેક પ્રકારના યુવાનોને દેશપ્રેમ, કર્મમાં નૈતિકતા, આધ્યાત્મિક સંસ્કાર અને સકારાત્મક ઉર્જા આપવા માટે સત્સંગ શિબિરનું મહત્ત્વ છે.

શ્રીમદ્‌ભાગવત કે રામાયણ ગ્રન્થની કથા હોય તેમાં એક વક્તા અને અન્ય બધા શ્રોતા હોય છે પરંતુ શિબિરમાં જેટલા પણ ભાગ લેતા હોય તે બધા વક્તા પણ હોય અને શ્રોતા પણ હોય. કારણ કે પરસ્પર ચિન્તનાત્મક વિમર્શ થતું હોય છે. તેને કારણે દરેકને ઉત્સાહ હોય છે. સમયાનુસાર જીવનમાં ઊભા થતા પ્રશ્નો અને તેનું સમાધાન સૌ સંતો અને યુવાનો સાથે મળીને વિચારતા હોય છે. આ વર્ષની સત્સંગ શિબિરમાં મહંત સદ્‌ગુરુ સ્વામી અક્ષરજીવનદાસજી દ્વારા આજથી સવાસો વર્ષ પહેલાં લખાયેલ ઉપદેશાત્મક પત્રના વિષય ઉપર સ્વચ્છતા, સ્વાસ્થ્ય તેમજ વૈચારિક સમૃદ્ધતા વિષે વિશેષ પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ગમે ત્યાં કચરો ન ફેંકીને યોગ્ય સ્થાને કચરો ફેંકવો અને ગમે ત્યાં ગંદકી ન કરવી એ દેશની સ્વચ્છતા છે. તમે જ્યાં, ગમે તેવું પહેલાં લખાયેલ ઉપદેશાત્મક પત્રના વિષય ઉપર સ્વચ્છતા, સ્વાસ્થ્ય તેમજ વૈચારિક સમૃદ્ધતા વિષે વિશેષ પ્રકાશ પાડવામાં આવ્યો હતો. તમે જ્યાં, ગમે તેવું અને ગમે ત્યારે ન ખાઈને શુદ્ધ સાત્ત્વિક અને યોગ્ય સમયે અને યોગ્ય સ્થાને ખાવું એ શરીરનું સ્વાસ્થ્ય છે અને સકારાત્મક વિચાર, નૈતિક જીવન અને આદર્શ નાગરિક થવું એ જીવનની સમૃદ્ધતા છે. સ્વામીજીએ ઉપદેશાત્મક પત્રમાં જણાવેલ આ ત્રણ સ્વચ્છતા, સ્વાસ્થ્ય અને સમૃદ્ધતા જીવનમાં આવે તો દરેક યુવાન દેશનો એક આદર્શ નાગરિક બને અને જીવનના પરમ ધ્યેયરૂપ મોક્ષને પણ પ્રાપ્ત કરી લે છે.

# ધામમાં નથી આવવું તો શું ગામમાં આંટા મારવા છે ?

–હાલાઈ રાજેશ વાલજી – સુખપર (નવોવાસ)

આલા ભક્તે કહ્યું, "બધી વાત સાચી પણ ધામમાં નહિ ચાલું શ્રીજી મહારાજ વિમાન પાછું લઈ ગયા. વિચાર કરો, સાક્ષાત્ ભગવાન કહે છે કે ચાલો અમારા સાથે. છતાં જીવની અવળાઈ કેટલી" ના પાડી દીધી થોડો સમય પછી શ્રીજી મહારાજ પધાર્યા, દરવાજો ખટખટાવ્યો. આલા ભગતે ઘરની બારીમાંથી જોયું તો શ્રીજી મહારાજ રથ લઈને તેડવા આવ્યા છે. આલાએ એના દીકરાને કહ્યું. શ્રીજી મહારાજને કહી દે કે મારા બાપુજી ઘરમાં નથી. વળી શ્રીજી મહારાજ પાછા ગયા.


શ્રીજી મહારાજ વિચાર્યું કે આલા ભગતને માયાનો રોગ લાગુ પડયો છે. રોગથી મુકત કરવો પડશે, જીવ માયામાંથી છૂટતો નથી. કાંઈક કરવું પડશે. તેથી સખત બીમારી મૂકી. પેટમાં ચૂંક ઉપડી કાંઈ જમાય નહિ. ભયંકર પીડામાં પીડાય છે. દુઃખ સહન થતું નથી. ઘણી દવા કરી પણ કંઈ ફેર પડતો નથી. બીમારી વધતી ગઈ. ભગવાન ને પુકારે છે. મહારાજ મને ધામમાં તેડી જાવ. ખૂબ પસ્તાવો થાય છે. ભગવાન તેડવા આવ્યા તો પણ હું ગયો નહિ ખૂબ રડે છે. આંસુ દ્વારા મોહ મમતા નીકળી ગઈ. સાચી સમજણ આવી.

અખંડ પ્રભુને યાદ કરે છે. નિર્વાસનિક થયા પછી શ્રીજી મહારાજ આલા ભક્તને વિમાનમાં બેસાડી અક્ષરધામમાં તેડી ગયા. આ લોકમાં ચાકરી કરનાર સારા હોય તો જીવને આ લોકની વાસના ટળતી નથી. પૂર્વ જન્મના સગાસંબંધી અજ્ઞાને કરીને વીસર્યા છે. આ જન્મનાં સંબંધીને જ્ઞાને કરીને વીસારી દેવા.

# શિક્ષાપત્રી

શ્લોકઃ ૬૨

હિંમતભાઈ ઠક્કર - રઘુવંશી



ઉદ્ધવ સંપ્રદાય રામાનંદ સ્વામીએ પ્રવર્તાવ્યો

આચાર્યેણૈવ દત્તં યદ્યચ્ચ તેન પ્રતિષ્ઠિતમ્ ।
કૃષ્ણસ્વરૂપં તત્સેવ્યં વન્દ્યમેવેતરત્તુ યત્ ॥

"સર્વે મારા અશ્રિતો હોય તેમણે પોતાના આચાર્યે જે સ્વરૂપ આપેલું હોય તેવી જ રીતે, આચાર્યે જે સ્વરૂપને પ્રતિષ્ઠાવિધિથી સ્થાપન કરેલું હોય એ જ ભગવાનનું સ્વરૂપ પ્રતિદિન સેવવું. એ સિવાયના બીજા ભગવાનના સ્વરૂપો હંમેશાં વંદન કરવા યોગ્ય છે, પણ પ્રતિદિન સેવવા યોગ્ય નથી."

આ શ્લોકમાં 'આચાર્ય' શબ્દનો અર્થ અને વજન ઘણું જ મહત્ત્વનું છે. જેમ સત્સંગીને વૈયક્તિક પણે પોતાના આચાર્ય હોય, તેમ ભિન્ન ભિન્ન ઈશ્વર સ્વરૂપો, મૂર્તિઓ, પંથો, ઉપપંથોના પણ વિભિન્ન આચાર્યો હોય છે. માટે સર્વે સત્સંગીઓએ આ આચાર્ય શિષ્ય ને પ્રતિષ્ઠાવિધિથી સ્થાપન કરેલું ભગવાનનું સ્વરૂપ એકવાર સત્સંગી દ્વારા થયેલ સ્વીકાર બાદ તેમાં અન્યોથી પ્રભાવિત થઈને કે પોતાના સ્વાર્થ માટે કે અણસમજણથી ત્માં મનફાવે ત્યારે વારંવાર ફેરફાર કરવાથી જે સૂક્ષ્મતમ આધ્યાત્મિક ઊર્જા વિક્ષિપ્ત થાય છે. અને તેની ઊંચાઈ અને મજબૂતી તથા ઊંડાણ પકડતી હોઈ ખળભળિત થાય છે અને વ્યર્થ જાય છે.

"એક માત્ર ઈશ્વરને જ અનેક,
વિધવિધ સ્વરૂપે સાકાર જાણવા,
કોઈ પાપ નથી! ને,
તુંડે તુંડે મતિ ભિન્નથી,
ઈશ્વર બદલાતા નથી."

સ્વામી શતાનંદજી અત્રે એ સમજણ આપવા માગે છે કે, પ્રત્યેક સત્સંગી કે ભક્તે જો નિશ્ચિત પણે મોક્ષમાર્ગી થવાનું હોય જ તો સ્વયં પૂર્ણ વિચાર વિમર્શ કર્યા બાદ જ, એક જ ધર્મ ભગવાન, સદ્‌ગુરુ અને તેમની સર્વઆજ્ઞાઓનો તલઃસ્પર્શી અભ્યાસ કર્યા બાદ હંમેશાં ગિરિવર સ્થિત સ્થિર અને માનસિક દઢતા રાખી આજીવન અનુસરણ કરવું ખૂબજ અનિવાર્ય બને છે. આવી આયોજિત અનિવાર્યતા કોઈ ઠોકી બેસાડેલું બંધન નથી, પરંતુ આધ્યાત્મિક ઊંચાઈના ઉત્તુંગ શિખરો પર સળસળાટ ચડાઈ કરવાની અકલ્પ્ય શક્તિ અને સામર્થ્ય આપે છે.

શ્રીહરિનું સર્વાવતારી અવતરણને શતાનંદ સ્વામી જેવા દિવ્ય સંતો જે આધ્યાત્મમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં અનંતાનંત ઊંડાણે જઈ અર્થસભર વૈચારિક મોતીડા વીણી વીણીને સર્વે ભક્તોને ખોબે ખોબે વૈચારિક વધામણે વધાવી રહ્યા છે. તેનો પ્રત્યેક સત્સંગીએ અતિ ઝડપથી તેના જીવનકાળ દરમિયાન જ પૂર્ણ લાભ મેળવી પોતાની અનંત યાત્રાને ફલિત કરી લેવી જોઈએ.

"જીવમાત્ર કર્મના માર્યા બાધિત છે,
તેમનું ઉત્થાન શાસ્ત્રો સંબંધિત છે,
પ્રેરનાર સદ્‌ગુરુ પ્રભુ પાર્ષદ છે,
ભકતે તો માત્ર ભગવાન પામવા છે."

ઉપર લિખિત સૂક્ષ્મ સમજણ વૈષ્ણવ સંપ્રદાયની દૃઢ મર્યાદા છે. આપણો ઉદ્ધવ સંપ્રદાય છે એ ઉદ્ધવના અવતાર રામાનંદ સ્વામીએ પ્રવર્તાવેલો છે એટલે ઉદ્ધવ સંપ્રદાય કહેવાય છે. આપણા ઉદ્ધવ સંપ્રદાયમાં વિષ્ણુની જ ઉપાસના પ્રવર્તેલી છે, પણ શિવની કે બીજા કોઈ દેવોની ઉપાસના પ્રવર્તેલી નથી અને એ પણ જાણી લેવાની જરૂર છે કે, કોઈ પણ અવતારોની ઉપાસના કરવી એ વિષ્ણુની જ ઉપાસના કહેવામાં આવે છે. જરા વિચારીએ કે આપણે ટિકિટ લઈને ટ્રેનમાં થર્ડ, સેકન્ડ, રીઝર્વડ, એસી કે ફસ્ટક્લાસની વ્યવસ્થામાં બેઠા. ટ્રેનતો કેન્દ્ર સરકારની જ છે અને તેનું જવાનું લક્ષ્ય પણ નિશ્ચિત જ છે, તો અંતે તો પહોંચવાના બધાયે એજ લક્ષ્ય પર છે પરંતુ આત્મનિવેદી ભક્તો, એકાંતિક ભક્તો જન્માંતરોથી એકજ ભગવાનને આધીન રહ્યા છે પણ જે મનને વિચલિત કરીને ટ્રેનો બદલતા જ રહેશે તે પહોંચશે કયાં ? ને ક્યારે પહોંચશે ?

"પ્રતિષ્ઠા તો માનવીય ભૂખ છે,
ઈશ્વર સ્વયંભૂ પ્રતિષ્ઠિત જ છે,
આતો ભક્તો આ જન્મે જ,
ભગવાનને પામે માટે મૂર્તિ છે."

આપણા ઉદ્ધવ સંપ્રદાયમાં તો વ્યવસ્થા કરેલીજ છે કે, ધર્મવંશી આચાર્યે જે સ્વરૂપ પૂજન માટે પોતાને અર્પણ કરેલું હોય, કે પછી પ્રતિષ્ઠા વિધિથી પ્રતિપાદિત કરેલું હોય એ જ સ્વરૂપને પ્રતિદિન સેવવું અને એ સ્વરૂપો સિવાયના સ્વરૂપો ભગવાનનો ભાવ રાખીને પ્રેમથી વંદન કરવા યોગ્ય છે.

"અનાદિ સિદ્ધિપીઠ પુણ્યક્ષેત્રસ્ય
ભગવત્‌સ્વરૂપાણિ તુ સેવનાન્યેવ"

શતાનંદ સ્વામીની આ સમજાવટનો યોગ્યસ્વરૂપમાં સમજી લઈએ. જગન્નાથપુરી, બદ્રીનારાયણ, તિરૂપતિ બાલાજીના પ્રાચીન પુણ્ય તીર્થોને વિષે રહેલા ભગવાનનાં સ્વરૂપો ભલે ભિન્ન માર્ગના આચાર્યોએ પધરાવેલાં હોય, છતાં પણ એ સ્વરૂપોતો સેવવા યોગ્ય જ છે. આમ કહ્યું તેથી જોકે વૈષ્ણવ સંપ્રદાયના કોઈ પણ આચાર્યે પ્રતિષ્ઠાવિધિથી સ્થાપન કરેલાં ભગવાનના સ્વરૂપોને સેવવામાં કોઈ મોટી હાનિ નથી કે કોઈ મોટું પાપ નથી. ભગવાનના સ્વરૂપોની અંદર પ્રકટ ભાવ લાવીને ઉપાસના કરવાથી મોક્ષ પણ થાય છે. એમાં કોઈ સંદેહ પણ નથી. છતાં આપણા માટે તો ભગવાનની આજ્ઞા જ સર્વોપરી છે. માટે ભગવાનની આજ્ઞાનું પાલન કરવું, એ જ પુણ્ય છે, અને આજ્ઞાનું ઉલ્લંઘન કરવું એ જ હાનિ છે. માટે આપણા સંપ્રદાયમાં શ્રીજી મહારાજે પ્રસ્થાપિત કરેલા બન્ને ગાદીના આચાર્યોએ પ્રતિષ્ઠાવિધિથી ભગવાનનાં સ્વરૂપોને સેવવાં, આવી જે મર્યાદા છે, એ મર્યાદાનો જે રીતે ભંગ ન થાય, તે રીતે સાવધાન રહીને પ્રભુનું ભજન કરવું, અને ભગવાનની પ્રતિમાઓમાં ધાતુકે પથ્થરની બુદ્ધિ કયારેય આવવા દેવી નહીં.

જેમ કાષ્ટમાં અગ્નિ રહેલો છે, પણ જ્યાં સુધી અગ્નિને પ્રગટ કરવામાં ન આવે, ત્યાં સુધી તે અગ્નિ કોઈને બાળી શક્તો નથી. તેમ ધાતુ આદિકની પ્રતિમાની અંદર જયાં સુધી પ્રગટપણાની ભાવના ઉત્પન્ન ન થાય ત્યાં સુધી પ્રતિમાઓ મનુષ્યનો મોક્ષ કરી શકતી નથી. માટે આપણે આપણી ઉથલપુથલ કરતા મન બુદ્ધિનો ત્યાગ કરીને પ્રત્યક્ષપણાની ભાવના પ્રગટ કરવી.

"ભગવાનની આજ્ઞા,
સદ્‌ગુરુ દ્વારા મળે,
જો ભક્ત પૂર્ણ પણે પાળે,
આ જ જન્મે મોક્ષ મળે."

# ઉત્તરાયણ-મકરસંક્રાંતિ - દાનપર્વ

ભારતીયઓનાં અત્યંત પ્રિય તહેવાર એટલે ઉત્તરાયણ, સંક્રાતિ એટલે સૂર્યનું એક રાશિમાંથી બીજી રાશિમાં પ્રવેશ. મકરસંક્રાંતિ એટલે જ્યારે સૂર્ય પૃથ્વીની આસપાસની પરિભ્રમણની દિશા બદલી ઉત્તર તરફ ખસે છે અને ધન રાશિમાંથી મકર રાશિમાં પ્રવેશે તે ઘડી આ દિવસથી દહાડો વધતો જાય છે.

આ સંક્રાંતિ ખૂબ જ સૂક્ષ્મ સમયમાં સંપન્ન થાય છે. સમયના માપ માટે સ્વસ્થ માણસના એક પલકારામાં જે સમય વીતે તેના ત્રીસમા ભાગ એટલે "તત્પર" આ તત્પરનો ૧૦૦ મો ભાગ એટલે "ત્રુટિ" અને આ ત્રુટિના ૧૦૦ માં ભાગના સમયમાં સૂર્ય બીજી રાશિમાં પ્રવેશી જાય છે. અને એ સંક્રાતિ કહેવાય છે.

આજથી ૧૦૦ વર્ષ પહેલાના પંચાગોમાં આ મકર સંક્રાતિ ૧૨ કે ૧૩ જાન્યુઆરી હતી. ભવિષ્યમાં તે ૧૫ કે ૧૬ બનશે.

સૂર્ય સિવાય અન્ય તમામ ગ્રહો જેવા કે મંગળ, બુધ, ગુરુ, શનિ વિગેરે સૌની સંક્રાતિ થાય છે, વળી તે સૌનો પણ એક રાશિમાંથી બીજી રાશિમાં પ્રવેશ થાય છે. પરંતુ માત્ર સૂર્યની મકરસંક્રાતિને જ પવિત્ર ગણવામાં આવી છે. જૈમિનીઋષિના મત પ્રમાણે સંક્રાતિ પહેલાંની અને પછીની ૧૬ ઘડી પુણ્યકાળ ગણાય છે.

આ દરમિયાન ગાય, ભોજન પદાર્થ, વાહન, વસ્ત્ર, પુષ્પ, ઘાસ વિગેરેના દાનથી કોટિ ગણું પુણ્ય મળે છે.

આજના જ્યોતિષ શાસ્ત્ર પ્રમાણે શિયાળામાં ઉત્તરાયણનો સમય છે ૨૧ ડિસેમ્બર તે દિવસ થી જ સૂર્ય ઉત્તર તરફ ખસવાનું શરૂ કરે છે. પરંતુ ભારતમાં સદીઓથી ૧૪ મી જાન્યુઆરીને જ ઉત્તરાયણ કહેવાનો ચાલ છે.

દક્ષિણ દિશા યમરાજની છે. જ્યારે ઉત્તર પથ મુક્તિનો માર્ગ છે. ભિષ્મપિતામહે સૂર્યના ઉત્તરાયણની પ્રતિજ્ઞા કરતાં જ બાણશય્યામાં દિવસો સુધી વિશ્રામ લંબાવ્યો હતો. તેનું આ જ મહત્ત્વનું કારણ છે.

દક્ષિણ દિશા ભૌતિકવાદની દિશા છે. જ્યારે ઉત્તર દિશા આધ્યાત્મની દિશા છે. દક્ષિણમાં પ્રેત અને ઉત્તરમાં શ્રેયનું પ્રાધાન્ય રહેલું છે. આત્મા અને પ્રભુ વિનાની બધી જ ભૌતિક વસ્તુઓ પંચભૂતના વિકારો છે. મનુષ્યે પોતાના દેહ અને દેહ સંબંધી પદાર્થોના મૃગજળ પાછળ દોટ જ મૂકી દે છે. તેમાં સુખ નથી છતાં સુખ માની લીધું છે. આ ભૌતિકતા તરફથી આધ્યત્મિકતા તરફની ગતિ એ જ સાચી ઉત્તરાયણ.

૨૦૦ વર્ષ પહેલાં અમેરિકા અને ફ્રાંસમાં લોહિયાળ ક્રાંતિ શરૂ થઇ. ભગવાન સ્વામિનારાયણે આ જ અરસામાં આત્મા પર લાગેલી ઝંઝીરોને તોડવા સમાજમાં ધર્મના નામે પ્રવર્તતી કુરીતિઓને પ્રેમના માધ્યમથી દૂર કરી સાચા અર્થમાં  સમાજમાં ઉતરાયણ ઊજવી.

**સંક્રાતિ સ્નાન :** ઉત્તરાયણ પર્વ પ્રયાગમાં લાખો મુમુક્ષુઓ ત્રિવેણી સ્નાન માટે આવે છે. ગંગા, યમુના, સરસ્વતીના આ સંગમ સ્થાન પર સ્નાન કરવા હજારો માણસો આવે છે. સ્નાન કરવા પડાપડી થાય છે. સ્નાન થતાં માત્ર દેહ જ પવિત્ર થાય છે પણ દેહના ભાવ ન ટળે. આ દેહભાવને ટાળવા માટે સંત તુલસીદાસજી કહે છે સંતસમાગમ એ જ પ્રયાગતીર્થ છે. સંત ત્રિવેણીમાં બગલો ડૂબકી મારે તો હંસ બની જાય છે. જ્યારે પ્રયાગ ત્રિવેણીમાં બગલો યથાવત્ રહે છે. સત્સંગ દ્વારા દેહભાવમાંથી આત્મભાવ તરફ સંક્રમણ ગમન થાય તે જ સાચી મકરસંક્રાતિનું ત્રિવેણી સ્નાન.

**મકરસંક્રાતિ-પતંગોત્સવ :-** પતંગ એ ઉર્ધ્વગમનનું સાધન છે. ઉત્તરાયણના દિવસે પતંગ સમગ્ર આકાશ પતંગોથી ભરાઇ જાય છે.

**પતંગોની ફિલોસોફી :-** પ્રત્યેક માનવી

રંગબેરંગી ઉડતો પતંગ છે. પણ મોટા ભાગના માનવ પતંગો  દિશા વિના, લક્ષ વિના અહીં તહીં ઊડે છે. સત્સંગરૂપી હવાથી પતંગની દિશા સ્થિર અને સ્પષ્ટ થાય છે. પતંગમાં "ઢઢો" બહુ કડક હોય તો પણ નકામો અને ઢીલો હોય તોય નકામો "ઢઢો" એ અહંકારનું પ્રતિક છે. સત્સંગમાં સંતો આગળ, હરિભક્તો આગળ ધન, રૂપ, વિદ્યા કે કુળનું માન રહે તો પતંગ થાપ ખાય. પતંગ ચડાવવાવાળાને હાથમાં કાપા પડે. તે માટે તેણે સાવધાન રહેવું પડે છે. સત્સંગમાં પણ સાવધાની ન રાખીએ કુસંગનો ઘસરકો પડે. વળી અભાવ-અવગુણના શબ્દો પણ સત્સગંરૂપી  આકાશમાં માનવરૂપી પતંગને હાલક-ડોલક કરી નાખે છે. માટે તેનાથી સાવધાન રહેવું પડે.

આકાશમાં કેવળ આપણો એક જ પતંગ ન હોય, તેથી અન્ય સાથે ટકરાવ, પેચ કે સંઘર્ષ થાય અને તેમાં પતંગ કપાય પણ ખરો. સત્સંગ પણ સમૂહ જીવનનો આકાશ છે. તેમા સૌ સાથે મેળ રાખીને રહેતા શીખીએ તો સંઘર્ષ ટળે. ઉડ્ડયનની દિશા અક્ષરધામ તરફ રહે તો કામ થાય.

પતંગ જો દોરી સાથે જોડાયેલો રહે તો સલામત . જો દોરી કપાણી તો પતંગ ગયો. માનવરૂપી પતંગ આજ્ઞારૂપી દોરીથી જોડાયેલો રહે તો ભગવાનને પામે. ધર્મ-નિયમનો છેદ ઉડે તો પતંગ કપાયો, કુસંગીના પેચમાં આવવાને બદલે સત્સંગના સુરક્ષિત આકાશમાં ઊડીએ તો જોખમ ટળે.

**સંક્રાતિના ૩ અર્થ છે : ૧-સંપૂર્ણ ક્રાંતિ :-** મન, કર્મ અને વચન આ ત્રણેય સ્તરે અશુભમાંથી શુભ તરફ વધવાનો દઢ સંકલ્પ એટલે સંપૂર્ણ ક્રાંતિ.

૨-સંક્રાતિ એટલે સંગ-ક્રાંતિ :-સંતો અને સત્સંગીઓનો સંગ રાખવાની હિંમત.

૩-સંક્રાતિ અને સંઘક્રાંતિ :- સમૂહમાં હળીમળીને એકતાથી રહેવું એ પણ વિપુલ શક્તિ પ્રાગટ્યનું કારણ છે.

આજ્ઞારૂપી દોરીથી પ્રભુ સાથે જોડાવ તો ઉપરોક્ત ત્રણેય ક્રાંતિ સંભવ બને છે.

**મકરસંક્રાતિ પુણ્ય પર્વ :-** પુણ્ય પર્વની કથા :- બ્રહ્માંડ પુરાણમાં આ કથા આવે છે દ્રોણાચાર્યના લગ્ન કૃપી સાથે થયા. ઘણા વરસ થયા છતાં સંતાન ન થવાથી તેઓ બંને દુઃખી થાય છે. તેવામાં દુર્વાસાઋૃષિ આવે છે, પુત્ર રત્ન માટે તેમણે તેમના ચરણમાં પ્રાર્થના કરી. દુર્વાસાઋષિએ કહ્યું, મકરસંક્રાતિના દિવસે વલોવેલા દહીંનું દાન કરજો. તમારો મનોરથ સિધ્ધ થશે અને પ્રતિભા સંપન્ન પુત્ર પ્રાપ્ત થશે.

કૃપીએ શ્રદ્ધાપૂર્વક ઋષિની આજ્ઞા મુજબ દાન કર્યું ને પછી તેમને અશ્વત્થામા નામે પુત્ર પ્રાપ્ત થયો.

મકરસંક્રાતિને પુણ્ય પર્વણી કહે છે. દક્ષિણમાં ભારતમાં આ પર્વને પોંગલ કહે છે. પોંગલ એટલે ઉભરાવું, હરિયાળા ખેતરોમાં પકવ રંગોની પીળાશ ભળે અને તેને ઘરમાં અન્નને પ્રવેશ થાય તેને પોંગલદિન કહે છે. આ દિવસે દૂધમાં ભાત રાંધવામાં આવે છે. ગાય, બળદ અને વૃક્ષનું પૂજન થાય છે.

મહારાષ્ટ્રમાં આ દિવસે સ્નેહ અને માધુર્યના પ્રતિકરૂપે એકબીજાને તલ-ગોળના લાડુ આપે છે.

પૂર્વભારતમાં ગંગાસાગરમાં કપિલમુનિના દર્શને આ દિવસે લોકો લાખોની સંખ્યામાં ઊમટે છે.

વહેલી સવારે આ દિવસે દાનનો પ્રવાહ આરંભાય છે.

**દાન શા માટે ? :-** અથર્વવેદમાં કહે છે, "શત હસ્તં સમાહર, સહસ્ર હસ્તં સંકીર."સો હાથે ભેગું કર અને હજાર હાથે વાપર. લ્યો એના કરતાં આપવાનો પ્રવાહ દશગણો રાખવો. મનુષ્યનું પ્રતિપળ વિતતું જીવન અને એ જીવન ટકાવવા સર્જાયેલા હવા, પાણી, ખોરાક, પ્રકાશ.....બધું જ પ્રભુનું અદ્ભુત વરદાન છે. આ બધા માટે તેમણે ક્યારેય "બિલ" મોકલ્યું નથી. પ્રભુના અનંત ઉપકારોનું ઋણ ચુકવવા દાન કરવું જોઈએ.

ખેતી કે વ્યાપારમાં જાણે-અજાણે જીવજંતુ,

મનુષ્ય દુઃખાય છે અને નાના મોટા પાપ થઇ જાય છે. તેના નિવારણમાટે દાન છે. "દ્વેયં શાન્તાય, પૂર્ણાય યજ્ઞ સ્થાપનતન્ત્યમિચ્છતા" શ્રીમદ્ ભાગવતમાં (૧૦/૭૪/૨૪)માં કહ્યું છે, કે સંપત્તિના પાંચ ભાગ કરો બે ભાગ ધર્મમાં વાપરો.

**નિરપેક્ષ દાન :-** એટલે બદલાની ઇચ્છા વગરનું દાન, મંદિર કે ધર્મસ્થાનમાં દાન આપીને આપણે તેના બદલામાં કોઇ વસ્તુ કે વળતરની અપેક્ષા રાખતા નથી. પણ દાન ક્યારેક સોદો બની જાય છે.

ભગવાન વરસાદ દાન કરે છે પણ કોઇ વાદળ પર કે સુરજ પર 'મેડ ઇન ગોડ' નો સિક્કો મારતા નથી, પરંતુ મંદિરમાં પંખો ભેટ આપ્યો હોય, ચાંદીની જાળી કરાવી હોય, આરસ મઢાવ્યો હોય, ઉતારાની રૂમ બંધાવી હોય, ભોજનશાળામાં પાણીનું કુલર મૂકાવ્યું હોય કે ૫૦૦ થી વધુ રૂપિયાનું દાન કર્યું હોય તો દરેક જગ્યાએ પોતાની નામની તકતી લગાડવી એ દાન નથી એતો વેપાર છે. પૈસાના બદલામાં પ્રસિદ્ધિની વાસના છે.

ઘણા મંદિરની પ્રદક્ષિણામાં બંને તરફની દિવાલો પર દાતાઓના નામનો ઢગલો હોય. આ દાન નથી. "મારું કે મારા બાપુજીનું નામ રાખું, મંદિરના હોલમાં સવાલાખ દાન આપું." હું ભગવાનને પૈસા ને ભગવાન આગળ મારું નાશવંત નામ અમર કરવાની મહેનત કરું. દાન તો હંમેશાં ગુપ્ત જ રહે. એના પ્રતિકરૂપે જ તલના લાડુમાં પૈસા છુપાવીને આજે વહેંચવામાં આવે છે.

**ઉત્તરાયણ એટલે ઝોળી પર્વ :-** તરસ લાગે તો પાણી પીવા કૂવા પાસે જવું પડે, પણ તરસ છીપાવવા કૂવો પાસે આવે એ કેવું આશ્ચર્યકારી લાગે ? ઉત્તરાયણનું ઝોળીપર્વ આ મર્મ સમજાવે છે. શ્રીજી મહારાજે ૫૦૦ પરમહંસોને ઘરોઘર ઝોળી માંગવા મોકલતા. સત્સંગી-બિન સત્સંગી... ગમે તે હોય તેના આંગણે જઇને સંતો "નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભુ" નામનો આહ્લેક લગાવતા. ભગવાન સ્વામિનારાયણ પોતાના સાધુને મુમુક્ષુઓ સુધી સામા મોકલી તેઓને મોક્ષમાર્ગના અધિકારી બનાવવા વિરાટ કલ્યાણકારી કાર્ય કર્યું.

સંતો જાય છે અથવા ભક્તોને મોકલે છે. કચ્છ સત્સંગમાં દેશ કે વિદેશમાં કચ્છશ્રીનરનારાયણદેવ યુવકમંડળના યુવાનોને પૂજ્ય મહંત સ્વામીની આજ્ઞા છે કે ગામમાં હો તે ગામમાં ઘેર ઘેર સંકાતિની ઝોળી ફેરવવી એમાં જે કાંઈ આવે તે ગામની ગાયો તથા જરૂરિયાતમંદ ગાયોને ચારો નાખવો.

**પોષી પૂનમ**

વૈદિક કાળમાં વર્ષના ૧૨ માસના નામ આજે જે મુજબ છે તેવા ન હતા. તે વેળાએ મધુ, માધવ, સહ, સહસ્થ, નભસ, ઉર્જ, ઋત વગેરે નામો દ્વારા બાર મહિના પ્રસિદ્ધ હતા. જ્યોતિષશાસ્ત્ર અને ખગોળ વિદ્યાનો પ્રચાર વધતા આ નામોમાં પરિવર્તન આવ્યું.

જે મહિનામાં પૂર્ણિમાએ એ નક્ષત્ર આવે, તેના નામ પ્રમાણે જ તે મહિનાઓ ઓળખવા લાગ્યા.

જેમ કે મધુ મહિનાની પૂર્ણિમાએ ચિત્રા નક્ષત્ર આવે છે. તો મધુ માસ ચૈત્ર તરીકે પ્રસિદ્ધ થયો. એ જ રીતે કૃતિકા નક્ષત્ર આવે તો કાર્તિક અને માગશીર નક્ષત્ર આવે તો માગશર.

આમ જે મહિનામાં પૂર્ણિમાએ પુષ્ય નક્ષત્ર આવે તે મહિનો પોષ તરીકે પ્રચલિત થયો.

આ પોષ મહિનાની પૂર્ણિમા એટલે પોષીપૂનમ.

પુષ્યનક્ષત્રના અધિપતિ છે બૃહસ્પતિ, જ્યોર પૂર્ણિમા તિથિના સ્વામી છે : ચંદ્ર.

આપ પોષી પૂનમે બૃહસ્પતિ અને ચંદ્રનો મેળ થાય છે. બૃહસ્પતિ એટલે કે ગુરુ એ જ્ઞાન અને ધર્મનું સ્વરૂપ છે. ચંદ્રમાં મનના દેવતા છે. આમ જ્ઞાન, ધર્મ અને મન ત્રણેનો સંગમ પોષી પૂનમે થાય છે. તેથી આ દિવસે સત્સંગ, કથાવાર્તા, ભગવતનામ, જપ, ધ્યાન વગેરેનું મહત્ત્વ અને ફળ વિશેષ છે.

## ધન્ય છે કચ્છ પ્રદેશના

# શૂરવીર ક્ષત્રિઓને

રસિકભાઈ રામજીભાઈ ગોળવિયા, સુરત

૧૮૬૪ના જેતલપુરમાં અતિરૂપ મહા અહિંસક યજ્ઞ શ્રીજી મહારાજે કરાવેલ. પછી અમદાવાદના ખોખરામાં નથુ ભટ્ટને ત્યાં સંતો, ભક્તો, ક્ષત્રિયો સાથે પધાર્યા. તે દરમિયાન અમદાવાદમાં વસતા લોલંગરના જમાતના વૈરાગી બાવાઓ જે ઉદ્ધત અને વ્યસની જે આપણા સંતોના સદ્વર્તન નહીં દેખી શકવાથી ભિક્ષા માંગવા જતા આપણા સંતોને માર મારી પીડતા હતા. તે મહારાજને ખબર પડતાં રોમાવળી ખડી થઈ પણ શાંત રહ્યા. મારા સંતોને દુઃખવે છે હેરાન કરે છે. તેમ મનમાં રાખી સાથે રહેલા ધમડકાના રામસીંગજી રાયધણજી, ડાંગરવાના અગરાજી અમરાજી, ડાભી, મોરબીના બે-ચાર ચાવડા, સલકીના દયાળજી પગી હાથરોલીને સુખાટં વગેરે શૂરવીર ભક્તો હતા. તેમને મર્મમાં મહારાજે કહ્યું કે હે શૂરવીર ક્ષત્રિય ભક્તો અહીંયા ભવિષ્યમાં નરમેઘ યજ્ઞ થશે તમારી શૂરવીરતા બતાવવી પડશે માટે સહુ તૈયાર રહેજો. ત્યારે સર્વે ક્ષત્રિય શૂરવીર હરિભક્તો બોલ્યા મહારાજ અમો આ સંસાર માટે અમારા સગાવહાલા માટે બહુ લડયા પણ આજે અમારા ઈષ્ટદેવના સંત માટે લડવાનું એ અમારા માટે લ્હાવો હશે. બસ તૈયાર છીએ આજ્ઞા કરો. પહેલાં અમારા માથા પડશે પછીજ આપને કોઈ હાથ અડાડી શકશે. ત્યાં સુધી નહીં.

પછી ખોખરામાં નથુભટ્ટને ત્યાં મહારાજ અને સંતો બિરાજતા હતા. ત્યાં લોલંગરનું સન્યાસીનું લશ્કર બંદૂકોના અવાજ કરતું ઢાલ, ચીપિયા, તલવારો, ભાલા સમેળતા આવ્યા ઊતરી પડયા નથુભટ્ટે તેમજ ગામના મુખીએ વાર્યા પણ સમજયા નહીં. પછી મહારાજે આજ્ઞા કરી શૂરવીર ક્ષત્રિયો ઉતરી પડો. પછી સાથે રહેલા, શૂરવીર ક્ષત્રિયો લોલંગરના લશ્કર સામે ઉતરી પડયા કેટલાકના હાથ પગ કાપી નાખ્યા, કેટલાકને મારી નાખ્યા કેટલાકને અધમુવા કરી નાંખ્યા, તોફાનમાં પ્રભુની કૃપા અને ઈચ્છાથી લોલંગરના સન્યાસીનો પરાજય થયો. આઠ ગાઉ સુધી રણસંગ્રામ થયો તેમ લખ્યું છે. શૂરવીર ક્ષત્રિયોનો વિજય થયો મહારાજના સંતોનું રક્ષણ થયું.

પછી મહારાજે સર્વે શૂરવીર ક્ષત્રિયોને બોલાવી સહુને ભેટવા લાગ્યા. વાગ્યુ હતુ ત્યાં હાથ ફેરવવા લાગ્યા સર્વે ક્ષત્રિય હરિભક્તો મહારાજને પગે લાગી પેટ ઉપર બાંધેલ ભેટ છોડવા લાગ્યા ત્યારે કોઈકની ભેટમાંથી ૨૦ ગોળીઓ કોઈકની ભેટમાંથી ૨૫ ગોળીઓ કોઈકમાં ૪૦-૫૦-૬૦ અને રાયધણજી કચ્છના શૂરવીર ક્ષત્રિયની ભેટમાંથી પૂરી ૭૫ ગોળીઓ નીકળી. લોલંગરના વૈરાગીઓની બંદૂકમાંથી ગોળીયો છૂટી ક્ષત્રિયોને વાગી આરપાર નીકળી ભેટમાં ભરાઈ રહેતી હતી જે થકી મહારાજ રક્ષા કરતા હતા. આ દરેક શૂરવીર હરિભક્તોને વારંવાર બાથમાં લઈ મહારાજ મળ્યા. જ્યારે કચ્છ પ્રદેશના બે શૂરવીર ક્ષત્રિય રાયધણજી અને રાયસીંગજી (જે લાધાજી દરબાર ભુજના ભાયાત ૨૪ ગામના ધણી ધમડકા અને આધોઈ બે ગામમાં રહેતા હતા તેમના ચાર પુત્રોમાં ના પુત્રો હતા) ની ભેટ ખોલીતો રાયધણજીની ભેટમાંથી ૭૫ ગોળીઓ નીકળી. તેમજ મહારાજ શરીરે હાથ ફેરવ્યો તો હજુ ૭૬મી એક ગોળી કપાળમાં રહેલી હતી. મહારાજ કહે તે તમારા શૂરવીરની નિશાની તરીકે રહેવા દો તેમ તેમના કપાળમાં બીજાને દર્શન કરવા

રહેવા દીધી હતી. મહારાજ કહે આ રાયધણજી મહાન શૂરવીર છે. વાહ! શૂરવીર તમોને તમારા માતા-પિતાને તમારા દેશને ધન્ય છે. અમારું રક્ષણ કરવામાં પાછું વાળી પણ જોયું નહીં. તમોએ અમારું રક્ષણ કરવા બધા કરતાં વધુ ગોળીઓ ખાધી છે. વાહ ધન્ય છે. શૂરવીર રાયધણજીને ખરા શૂરવીર ક્ષત્રિયને !!

રાયધણજી શર્મીંદા બની મહારાજને પગે લાગી બોલ્યા આપની આજ્ઞાથી ભલે આ ગોળી મારા કપાળમાં રહી. આ લલાટમાં ગોળીવાળા સેવકને અંત સમયે આવીને જરૂર તેડી જશો. મહારાજ કહે તથાસ્તુ આવીજ રીતે બધાજ ક્ષત્રિય શૂરવીર ભક્તોને બહુજ બીરદાવી મહારાજે બહુજ રાજીપો બતાવેલા.

શ્રીજી મહારાજ ગયા પછી ૧૯૦૮ પછી આ બધાજ શૂરવીર ક્ષત્રિય ભક્તો રાયધણજી, અપરાજી, અગરાજી વગેરેને દર્શન આપી નરમેઘમાં શૂરવીરતા બતાવી તે દશ્ય બતાવી તેઓએ મહારાજની રક્ષાકરી તેવું સ્મૃતિ કરાવી સહુને શ્વેતહાથી ઉપર આવી હથિયાર બાંધી સેવકો સાથે લાવી સર્વે શૂરવીર રાયધણજીને મહારાજ લેવા આવ્યા ત્યારે પાર્થિવ શરીરને માન આપવા ૫૦૦ ઘોડેસ્વારોની પાસે ૫૦૦ ભડાકા કરાવી ધામમાં લઈ ગયા તે વખતે રાયધણજીએ જે હથિયારો વાપર્યા હતા દરેક શૂરવીર ક્ષત્રિયોએ વાપર્યાં હતા. તે સર્વે પ્રસાદીના હથિયારો તેમના વંશજો પાસેછે. રાયધણજીના વંશોએ ભુજ મંદિરમાં દર્શનાર્થે મૂકયા છે.

ધન્ય હો આવા શૂરવીર ક્ષત્રિઓને નતમસ્તકે તેમને શ્રદ્ધાંજલી રૂપે સો સો નમન કરીએ તો ઓછા છે આવા શૂરવીર ક્ષત્રિયોના નામ જેમણે મહારાજ માટે મહારાજના સંતો માટે દેહની પરવા કરી નહીં. માથા આપવા તૈયાર રહ્યા. તેમના નામો સત્સંગના શાસ્ત્રોમાં સુવર્ણ અક્ષરોએ અંકિત થયેલાં છે ફરી ફરી સો સો વખત નમન.

---

# ગોવર્ધનના પરચાની વાત

–મેગબાઈ હીરજી સિયાણી, ભક્તિનગર

બ્રહ્માનંદ સ્વામી કહે કે હો રાજન વળી એજ પ્રાંતિજમાં નથુ શાહ નામે એક વણિક ભક્ત હતા. તેમને શરીરે મંદવાળ થયો શરીરમાં અતિશય દુઃખ થયું સહન થાય નહિ, એ વાતની કૃષ્ણાનંદ સ્વામી ને ખબર પડી. જેથી તેને દર્શન દેવા માટે તેને ઘેર ગયા. તે સ્વામીની સાથે બીજા પાંચ સંતો હતા. સંતોએ તેને દર્શન દઈને કહ્યું જે, એને ઔષધ કરશો નહીં અને સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ભજન કરો એમ કહીને સંતો ત્યાંથી ચાલતા થયા, તેવામાં એ ભક્તને તેડવા માટે શ્રીજી મહારાજ પધાર્યા, સાથે સંતો પણ ઘણા હતા. આવીને એ સર્વેને ગોવર્ધન ભક્તને કહે અમો તમોને તેડવા માટે આવ્યા છીએ. માટે થાઓ તૈયાર ત્યારે તે ભક્ત કહે, હે મહારાજ હું તો તૈયાર જ છું. પછી પોતાના સગા સબંધી સર્વેને કહ્યું જે આ મહારાજ મને તેડવા માટે પધાર્યા છે સાથે કૃષ્ણાનંદ સ્વામી આદિક ઘણાક સંતો પણ આવ્યા છે. માટે સૌ દર્શન કરો અને હવે બધા ભગવાનની ધૂન કરો અને હું જાઉં છું મહારાજ ના ધામમાં. એમ કહીને આ લોકના સર્વે સાંસારિક સુખનો ત્યાગ કરીને મહારાજની સાથે દિવ્ય રથમાં બેસીને એ ગોવર્ધન ધામમાં ગયો સર્વે ગામના મનુષ્યો ને દર્શન થયા. ત્યારે સર્વે જનો કહેવા લાગ્યા જે.

# ધર્મ વગર ખોટ !!

**રાધાબેન રસિકભાઈ ગોળવિયા, વેળાવદરવાળા, સુરત**

વેદમાં ધર્મ માટેનો અર્થ એવો બતાવ્યો છે કે જેના વડે ઉન્નતિ અને મુક્તિપ્રાપ્ત થાય તે ધર્મ યાને તે ધર્મશાસ્ત્રોમાં જે કામો કરવાની આજ્ઞા હોય તે ધર્મ સર્વ ધર્મની સારાંશ જોઈએ તો સચ્ચાઈ પ્રમાણિકતા અને સર્વ પ્રત્યે દયા અને અહિંસા. પણ બધાજ અર્થો (ધર્મનો અર્થ)ના સાર રૂપે ટૂંકમા ટૂંક ભગવાન શ્રી સ્વામિનારાયણ ધર્મની શિક્ષાપત્રી અને આપણા ધર્મગ્રંથોમાં વ્યાખ્યા આપી કે, શ્રૃતિ, સ્મૃતિ, માં પ્રતિપાદન કર્યો જે સદાચાર તેને ધર્મ જાણવો. સમજવામાં સહેલામાં સહેલી વ્યાખ્યા કહી શકાય. આમ ધર્મ માટે ઋષિમુનીઓએ વ્યાખ્યા એવી કરી છે કે માણસને અધોગતિમાંથી અટકાવી ઉર્ધ્વગતિ કરાવે તેનું નામ ધર્મ. સંપ્રદાયી સહુ આપણે ધર્મ વિષે ઘણુંજ જાણીએ છીએ છતાં આજના અધ્યાત્મિક ફીલોસોફરોએ પરસ્પર પ્રીતિ પ્રસરાવે તે ધર્મ કે ધર્મ એટલે વ્યકિતની અંદર બેઠેલા સદ્‌ગુણોને વિકસિત કરી પ્રગટ કરવાની પ્રક્રિયા તેમ કહ્યું છે જેથી એમ ફલિત થાય છે કે સાચો ધર્મ એ છે કે તેના આચરણ માત્રથી પ્રભુમાં પ્રીતિ થાય.

પણજો આ ધર્મ - આચરણ ન કરીએ ન પાળીએ તો તેના વગર શું ખોટ જાય તે વાત ઉપર અહીં જાણીએ અને એ પણ ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ અને તેમના સંતો શાસ્ત્રોમાં વચનો - ઉપદેશથી. માટે તો ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિએ સાધકના જીવનમાં ધર્મ ન હોય તો સાધકને સાધના અને જીવનમાં શીખોટ જાય છે તે સમજાવતાં કહ્યું છે કે પ્ર.૧૯ માં કહ્યું છે કે જો આત્માનિષ્ઠા પ્રીતિ અને વૈરાગ્ય અને વૈરાગ્ય હોય તો પણ જો સ્વધર્મ ન હોય તો એ ત્રણેયની સિદ્ધિ થતી નથી. પ્ર.૮ અંતકરણ ભ્રષ્ટ થાય મ.૧૬ વિષયમાં લેવાઈ જાય એટલે કે જો નિયમમાં ન રહે તો ગમે તેવો વૈરાગ્યવાન હોય તથા જ્ઞાની હોય તો પણ તેનો ઠા ન રહે.

જો ધર્મ ન હોય ન રાખે તો દુઃખ કલેશ અશાંતિ કાયમ રહે. મ.૫૧ માટે મોટા પુરુષની બાંધેલી જે મર્યાદા તેન લોપી કોઈ સુખી થતો નથી તેમજ શિક્ષાપત્રીમાં મંગલાચરણના શ્લોક નં:૯ માં કહ્યું છે કે જે મનુષ્ય એ સદાચારનું ઉલ્લંઘન કરીને પોતાના મનમાં આવે તેમ વર્તે છે તે તો કુબુદ્ધિવાળા છે અને આ લોક તથા પર લોકને વિષે નિશ્ચયે મોટા કષ્ટને પામે છે. સ.ગુ.નિષ્કુળાનંદ સ્વામીએ વચનસિદ્ધિમાં કહ્યું છે અલ્પ સુખસારું આજ્ઞા લોપે છે શ્રીહરિ તણું પરમસુખ કેમ પામશે. ભાઈ ધારજો તેના ઘણી બની વાત જાય બગડી, જો લેશ લોપાય વચન લેખે ન આવે દાખડો વળી થઈ જાય નિરધન.

મુકતાનંદ સ્વામીના શિષ્ય આધારાનંદ સ્વામીએ શ્રીહરિ ચરિત્રામૃત સાગરમાં લખ્યું છે કે ધર્મ વિનાના રાય રંક અને શાહુકાર બધાય દુઃખના ભાગી છે. ધર્મને લોપે તેને દુઃખ થય વિના રહેજ નહીં દેહમાં અનંત વ્યાધિ થાય. જો વચનરૂપી કોટ ( ધર્મસુતના વચન તેજ ધર્મ છે ) નો ત્યાગ કરે તો માયામાં અનુરાગ થાય નારકી થવાય બ્રહ્મહત્યાનું પાપ લાગે તદ્‌ઉપરાંત લખ્યું છે કે ધર્મ વિના ભક્તિ, તીર્થ કે વ્રત કરે તે ફળીભૂત થતું નથી. અને ભલામણના શબ્દો પણ લખ્યા છે કે મુમુક્ષ એ જાણવું કે ધર્મ વિના મોક્ષ હોય નહીં અને વિશેષે કહ્યું છે ભલે ભગવાનને આશ્રય રાખે પણ ધર્મનિયમ ન રાખેલો આશ્રય ભાંગેલા નાવ સમાન છે અને એ ધર્મ વિના ભક્તિ, જ્ઞાન વૈરાગ્ય, મોક્ષના કારણ થઈ શકતા નથી.

અને એટલા માટે ધર્મ વગર ખોટ ન જાય માટે શ્રીજી મહારાજે દરેક આશ્રિત માત્રને ધર્મ પાળવાનો આગ્રહ રાખ્યો હતો અને રખાવ્યો છે. સા. ૧૦ જેને કલ્યાણના ઈચ્છવું તેણે અધર્મના માર્ગે ચાલવું નહીં અને ધર્મવાળા માર્ગે ચાલીને સાચા સંતનો સમાગમ કરવો

સર્વએ પોતના ધર્મને વિષે દઢ પણે વર્તવું મ.૧૮, જેત.૪ મારી બાંધેલી જે ધર્મ મર્યાદા તેને જયાં સુધી દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી તમારે સર્વ પ્રકારે પાળવી મહારાજ કહે છે કે ધર્મ અમને છે બહુ વાલો રે એમ કહે છે ધર્મનો લાલો. ધર્મવાળા સાથે હેત મારે રે એમ વહાલા કહે છે વારે વારે રે પુ.પ્રકાર ધર્મવાળા જન મને વાલા રે બીજા જાણું છું નરસા નમાલારે. જયારે ભક્તચિંતામણીમાં સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું કે ધર્મ યુકત ભક્ત રહે દૂર પણં જાણું છું તેને હજૂર અને લખ્યું કે ધર્મ વિનાનું ધીક જીવવું જગ જાણ જાયો જગમાંહી માટે આપણા જીવનમાં ધર્મ વગર પારાવાર ખોટ રહે છે. ધર્મ સદાય રાખવો ધર્મવિનાની અપાર ખોટ છે. જયારે ધર્મ પાળતા અપરંપાર લાભ છે. આધારાનંદ સ્વામીએ શ્રીહરિચરિત્રામૃતમાં ત્યાં સુધી કહી દીધું છે જે વાતનો સાર વચનામૃતમાં પણ મળે છે. અમારા આશ્રિત જે ત્યાગી, ગૃહી છે. તે જયાં સુધી ધર્મમાં ચાલે ત્યાં સુધી અમે એમને અમારો માનીએ છીએ. માટે ધર્મ વગર ખોટ ખોટને ખોટનો ધંધો છે અને ધર્મ પાલનથી સાધક હંમેશાં લૌકિક દષ્ટિ એતો ઘણોજ પણ આધ્યાત્મિક દષ્ટિએ અને પ્રકારનો લાભ છે.

# વ્યક્તિની ઓળખ

ગોર કૃપા પ્રકાશ

એક ગુરુ હતા. તેના બે શિષ્ય હતા. વેદ અને વેદાંત. વેદ ખેડૂતનો પુત્રો હતો. અને વેદાંત એક રાજકુમાર હતો. વેદાંત રાજય પરિવાર નું સંતાન હોવાને કારણે તે આળસુ અને અંહકારી હતો, જયારે વેદ પરિશ્રમી અને વિનમ્ર હતો.

એકવાર વેદાંતના પિતા પૃથ્વીરાજ એ યુવાનોની પ્રતિભાની પરીક્ષા લેવાના ઉદેશ્યથી એક સ્પર્ધાનું આયોજન કર્યું. તેમાં દૂર દૂરથી અનેક યુવકો આવ્યા હતા. ગુરુજી પણ પોતાના શિષ્યો સાથે સ્પર્ધામાં ભાગ લેવા આવ્યા હતા. જયારે વેદ રાજકુમારોની સાથે બેસવા લાગ્યો તો વેદાંત બોલ્યો, “આ હરોળ રાજકુમારો માટે છે. તું બીજી હરોળમા જઈને બેસ. રાજા પૃથ્વી રાજે આ સાંભળ્યું તો તે બોલ્યા, અત્યારે તું રાજકુમાર નહિ સ્પર્ધક છે. આ દષ્ટિએ તારામાં અને આનામાં કોઈ ભેદ નથી.

સ્પર્ધા શરૂ થતાં રાજાએ તમામ સ્પર્ધકોને પૂછયું, જો તમારી સામે એક ઘાયલ વાઘ આવી જાય, જેને તીર વાગ્યું હોય તો તમે શું કરશો? બધા રાજકુમારો એ ઉત્તર આપ્યો કે તેઓ વાઘ માટે પોતાનો જીવ જોખમમાં નહિ મૂકે. તેને મરી જવા દેશે. પરંતુ વેદ બોલ્યો, મહારાજ! હું વાઘનું તીર કાઢી તેનો ઉપચાર કરીશ. કારણ કે ઘાયલ જીવનું રક્ષણ કરવું એ મારું પ્રથમ કર્તવ્ય છે અને પ્રત્યેક મનુષ્યનો ધર્મ પણ છે. શિક્ષાપત્રીમાં પણ કહેવામાં આવ્યું છે. કે મારા આશ્રિત જે સત્સંગી છે તેની રક્ષા કરવી મારો ધર્મ છે. વાઘનો પણ પોતાનો ધર્મ છે અને સ્વસ્થ થાય પછી તે જો મારા પર હુમલો કરી દે તો તે તેનો સ્વભાવ છે, દોષ નહિ. વેદનો ઉત્તર સાંભળી રાજા પૃથ્વીરાજ બોલ્યા, ધન્ય છે એ માતા અને પિતા જેનો તું પુત્ર છે, ધન્ય છે એ ગુરુ જેનો તું શિષ્ય છે, ત્યારે ગુરુએ રાજકુમારોને કહ્યું વત્સા વ્યકિતની ઓળખ તેના વંશની સાથે તેનાં કર્મો અને વિચારોથી જ થાય છે.

એટલા માટેજ કહેવાયું છે કે જે મનુષ્ય જેવું વિચારે છે તે તેના જેવો જ બની જાય છે. જેવા કર્મો કરે છે તેવું ફળ મળે છે. આપણે તો સાક્ષાત્ પરમાત્મા પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ મળ્યા છે, એની સાચી ઓળખ થઈ છે તો આપણે પણ સારા સારા કર્મો કરવા જોઈએ અને મનમાં પવિત્ર વિચારો આવવા જોઈએ. જો આપણું મન અને હૃદય પવિત્ર હશે તો પરમાત્માનો વાસ તેમાં જરૂર થશે.

# શ્રી નરનારાયણદેવનો મહિમા

જોધાણી રમીલા દેવજી, ભક્તિનગર

આપણા ભુજ મંદિરમાં શ્રી નરનારાયણદેવની બાજુમાં શ્રીહરિ કૃષ્ણ મહારાજ કેવી રીતે પધરાવવામાં આવ્યા તેનો ઈતિહાસ જાણીએ. આચાર્યશ્રી અયોધ્યા પ્રસાદજી મહારાજે ફાગણ સુદ – ૨ દિવસે મૂર્તિ પ્રતિષ્ઠા કરી. બનવા જોગ તેજ વર્ષે વરસાદ ન આવ્યો. ત્યારે ભુજ શહેરના કેટલાક માણસો વરસાદ ન વરસવાનું કારણ એક સંન્યાસી બાવાને પૂછયું. અને તે દ્વેષી હતો. કે આ સાલે વરસાદ કેમ નથી આવ્યો ? ત્યારે તે શ્રીહરિનો દ્વેષીઓ કહ્યું કે આ સાલે જરા પણ વરસાદ નહિ થાય. કારણ કે ભુજ શહેરમાં શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નરનારાયણદેવની જોડે શ્રી સ્વામિનારાયણની મૂર્તિ પધરાવી છે. તે ભગવાન નથી તે મનુષ્યા છે. એટલે કચ્છ દેશમાં વરસાદ થશે નહિ. અને અતિભારે દુષ્કાળ પડશે. તેનો ઉપાય બતાવો. ત્યારે બાવો કહે મૂર્તિને હમીરસરોવરમાં પધરાવી દો. તો વરસાદ થશે. બધા ભેગા મળીને રાજા પાસે ગયા. રાજા હા પાડી. ઠરાવ કર્યો કે શ્રીહરિ કૃષ્ણ મહારાજની મૂર્તિને તળાવમાં પધારાવી દેવાની છે. ત્યારે ઠરાવ સાંભળીને મંદિરમાં રહેતા સંતોને બહુ ચિંતા થઈ. બિચારા સંતો એ અન્નજળનો ત્યાગ કરી દીધો.

આ વાતની ખબર ગામ સમાધોધાનાં મહાશૂરવીર હરભમજી દરબારના મા ને પડી. તેની માતા એ કહ્યું કે, "હે પુત્ર જો તું મારું ધાવણ ધાવ્યો હોય તો, અત્યારે જ ભુજ જા અને ત્યાં શ્રીહરિ કૃષ્ણ મહારાજની મૂર્તિની રક્ષા કર. જો આ મૂર્તિને કાંઈ પણ થશે તો મને મોં દેખાડીશ નહિ." જુઓ કેવી! આ મા આ મૂર્તિના લીધે યુદ્ધ થાય તો પણ પાછો પડીશ નહિ. આવા હિંમત ભર્યા વચનો હરભમજી ને તેની માતાએ કહ્યું અને કંસાર જમાડીને ભાલમાં તિલક કર્યું.

ભુજ આવ્યા, મંદિરની રૂપચોકી પર બેઠા અને કહ્યું તે કોઈ પણ આ મૂર્તિને ઉપાડવા માટે આવશે તો આ તલવારે શરીરના તલ જેટલા કટકા કરી નાખીશ. મહંત સ્વામી અચ્યુતદાસજી હતા. સ્વામીએ દરબારને કહ્યું કે દૂરથી આવ્યા છો તો થાકી ગયા હશો. માટે જમી લ્યો. દરબારે કહ્યું કે સ્વામી જમવું નથી. આ ઉપાધિ મટશે ત્યારે જમીશ. રાત્રીના અગીયાર વાગ્યા અને અચ્યુતદાસજી સ્વામીને ચિંતા વધી ગઈ અને ધ્યાન કરવા બેઠા. શ્રી નરનારાયણદેવના દરવાજા પોતાની મેળે ખુલ્લી ગયા. અને મંદિરમાં પ્રકાશ પ્રકાશ થયો. ભગવાન શ્રી નરનારાયણ સિંહાસન માંથી નીચે ઉતરી બહાર ચોકમાં આવ્યા. મહંત સ્વામીને દર્શન થયાં. ભગવાન શ્રી નરનારાયણદેવ સીધા શિરોમણીરાયના મંદિરમાં ગયા. તેના પૂજારીને લાત મારીને કહ્યું કે તું પણ મૂર્તિ ઉઠાડવામાં સાથે છો ને? અને આ ઉપાધીનું સમાધાન સવારે રાજા પાસે કરાવજે. નહિંતર તને મારીશું. શ્રી નરનારાયણદેવ અંર્તધ્યાન થઈ પાછા સિંહાસનમાં આવી ગયા. બીજે દિવસે સવારે પૂજારી એ રાજાને વાત કરી કે શ્રી નરનારાયણદેવ મને લાત મારીને કહ્યું કે મૂર્તિને ઉપાડવાને કેમ ઠરાવ કર્યો ? અને કહ્યું કે ઠરાવ રદ કરાવજે નહિતો અમે તને મારીશું. એમ કહી ગયા છે. રાજા પણ ભય પામી ગયા. સંતોની પાસે માફી માંગી અને શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિને ઉઠાડવી નહિ તેવો ઠરાવ કરવામાં આવ્યો. તે સમાચાર સાંભળીને હરિભક્તોને હૃદયમાં શાંતિ થઈ. અને ત્યાર પછી અન્નજળ લીધા. ભક્તો! આ આપણા શ્રી નરનારાયણદેવ છે. આવા આપણને મળ્યા છે. પ્રત્યક્ષ હતા, છે અને રહેશે. આપણે એમના થઈને રહીએ એજ શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ ॥ શ્રી નરનારાયણાય નમઃ ॥

## ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજીત

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ એવં નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન

**પોથીયાત્રા : સં. ૨૦૭૮, ચૈત્ર સુદ ૧, શુક્રવાર, તા. ૦૧-૦૪-૨૦૨૨, સાંજે ૩:૦૦ વાગ્યે**

**કથા પ્રારંભ પ્રથમ દિવસ : સં. ૨૦૭૮, ચૈત્ર સુદ ૨, શનિવાર, તા. ૦૨-૦૪-૨૦૨૨**

**કથા વિરામ સાતમો દિવસ : સં. ૨૦૭૮, ચૈત્ર સુદ ૭, શુક્રવાર, તા. ૦૮-૦૪-૨૦૨૨ સાંજે ૭:૦૦ વાગ્યે**

**નારાયણ યજ્ઞ : સં. ૨૦૭૮, ચૈત્ર સુદ ૮, શનિવાર , તા. ૦૯-૦૪-૨૦૨૨, સવારે ૬:૩૦**

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મંદિર

યજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સ્વામી સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની આજ્ઞાથી આગામી તા. ૦૨-૦૪-૨૦૨૨ થી તા. ૦૮-૦૪-૨૦૨૨ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી-હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

---

- એક પોથીના રૂા. ૨૫,૦૦૦/- પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે.
- ૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે.
- વિષ્ણુયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.
- ૧ પોથી યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે પાસ આપવામાં આવશે.
- સંહિતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહીં હોય તેમાં પવિત્ર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે.
- જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો નાનો ફોટો (૮X૧૨ સાઇઝ) તથા સુખડનો હાર લાવી શકાશે સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.

**કથા સ્થળ :- શ્રી સ્વામિનારાયણ મંદિર**

શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ ભુજ-કચ્છ. ફોન નં. ૭૫૬૭૬૦૮૦૦૦

શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।

### શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ આયોજીત

# શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ

ઉપક્રમે

## મારો ઉત્સવ
## કચ્છના પ્રસાદી ગામો

સંવત્ ૨૦૭૯ ચૈત્ર વદ-૧૩ થી વૈશાખ સુદ-૬

**તા. ૧૮ થી ૨૬ એપ્રિલ - ૨૦૨૩**

- **શ્રીહરિ વનવિચરણ : નિષ્કુળાનંદ કાવ્યમાં જે ગામોમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન પધાર્યા હતા :** માથક, કોકડાઉ, ધમડકા, અંધિયા, કોટડિયા, સિકરા, અંજાર, રતડિયા, ભચાઉ, ખોખરા, લાયજા, માધાપર, ગોધરા, ચોબારી, ભુજનગર, ડોણ, મનફરા, માનકુવા, માંડવી, પાંકડસર, કોડકી, સેરડી, હમિરપર, સામતરા, જરફરા, આધોઈ, દેશલપર, સમાઘોઘા, રાપર, મજલ, મુંદરા, આડેસર, મંગવાણા, ગજેડા, ભીમાસર, રોહા (રુવા), પુનડી, નારાયણસરોવર, મોથાળા, કેરા, ઝંગી, બેટા, બંદરા, વાંઢીયા, ધૂફિ, બળદિયા, કટારિયા, તેરા, રામપુર, ચિતરોડ, કાળાતળાવ, ગોડપર, પિપલી, નલિયા, ચાંદ્રાણી, કિડિયાનગર, પિપરડી, કોટડા સાંતલપર, સાંધાણ, નવાગામ, ગોતરકા, નુઘાતડ, દુધઈ, મુઝપુર.
- **શ્રી કચ્છલીલામાં : જે ગામોમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન પધાર્યા હતા :** ભાડઈ, કાદીયા, રસલીયા, લાકડીયા, વડવાલા, કંડરોઈ, કામાઈ, મેઘપર, નારણપુર, ફરાદી, દેવળીયા, કુંભારીયા, દહિંસરા, સરલી, આસંબીયા, સુખપર, ચીરઈ, કોટેશ્વર, કોઠારા, કોડાય, ગઢડું, ગાગોદર, ચકાસર, ભીમાસર
- **શ્રી ભક્તચિંતામણિમાં : જે ગામોમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન પધાર્યા હતા :** વાંઢીયુ, ચીતરોડ, આધોઈ, ચોબારી, કંથકોટ, ગજોડ, મનફરા, ભચાઉ, ધમળકા, દુધઈ, ખોખરા, ચાંદરાણી, તુણા, મુંદરા, કારાઘોઘા, જરપરા, માંડવી, ડોણ, ગોધરા, કોટડી, કાળાતડાવ, ધરાણી, નેત્રા, તેરા, ધુફી, રોહા, વિથોણ, મંજલ, દેશલપુર, સામત્રા, માનકુવા, નારાયણપુર, બળદિયા, કેરા

# સત્સંગ સમાચાર દેશ

### ભુજ મંદિરે સમૂહ ભાગવતનું આયોજન યોજાયું

દરવર્ષની જેમ ચાલુ વર્ષે પણ પોતાના આત્મીયજન અને પિતૃઓના મોક્ષાર્થે શ્રીમદ્‌ ભાગવતની કથા પારાયણ યોજવામાં આવેલ. આ આયોજન કરવાનું કાર્ય અતિ મુશ્કેલ અને અતિ ખર્ચાવ હોવાથી અનેક લોકોની ઈચ્છા મનમાં રહી જાય છે અને કથા કરાવી શકતા હોતા નથી. આવી સમસ્યાનું નિવારણ કરવા માટે શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા શ્રીમદ્‌ ભાગવત કથા પારાયણનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે. આ આયોજનમાં સામાન્ય માણસ પણ ખૂબજ ઓછા ખર્ચે પોથી નોંધાવીને પિતૃઓના મોક્ષાર્થે કથા પારાયણમાં જોડાઈ શકે છે. ભુજ મંદિર દ્વારા યોજવામાં આવતી આ પ્રવૃત્તિ તમામ હિંદુ પરિવારો માટે આશીર્વાદ સમાન છે.

તાજે તરમાં માગસર સુદ- ૨ તા. ૦૫-૧૨-૨૦૨૧ થી માગશર સુદ-૯ ૧૨-૧૨-૨૦૨૧ સુધી શ્રીમદ્‌ ભાગવત સપ્તાહનું આયોજન અ.નિ.સાં.યો. નાનબાઈ કરસન વરસાણી હસ્તે સાં.યો. શિષ્યમંડળ તથા સર્વે સાં.યો. બહેનો ગામ કેરા ના યજમાન પદે ખૂબ જ સરસ વ્યવસ્થિત અને ભવ્ય રીતે કરાયું હતું. આટલી વિશાળ સંખ્યામાં નોંધાયેલ પોથી યજમાનો માટે તથા તેને લગતી બાબતોની વ્યવસ્થા કાર્ય પાર પાડવું એ રમત વાત નથી. પરંતુ આપણા ઈષ્ટદેવ શ્રી નરનારાયણદેવની કૃપા તેમજ હંમેશાં વંદનીય મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તેમજ વડીલ સંતોના આશીર્વાદથી ભુજ મંદિરના સંતોએ ખૂબજ પ્રશંસનીય રીતે તમામ વ્યવસ્થાઓ સંભાળી લીધી હતી.

કથા પારાયણના સાતેય દિવસ દરમિયાન ભુજ મંદિરના વિદ્વાન સંતો સર્વશ્રી શા. સ્વામી નારાયણમુનિદાસજી, પુ.સ્વામી નારાયણપ્રિય દાસજી, શા.સ્વામી સુખનંદનદાસજી, શા.સ્વામી આનંદનવલ્લભદાસજી, પુ.સ્વામી વેદાંતસ્વરૂપ દાસજી વ્યાસાસને વિરાજમાન થઈ પોતાની સરળ, સાદી, સચોટ અને પ્રભાવશૈલીમાં કથામૃતનું પાન કરાવ્યું હતું. કથા દરમ્યિાન આવતા શ્રી રામ જન્મોત્સવ, શ્રી કૃષ્ણ જન્મોત્સવ, ગોવર્ધન ઉત્સવ, રૂક્ષ્મણી વિવાહ વગેરે ઉત્સવની ઉજવણી ખૂબજ આનંદ અને ઉમંગભેર કરવામાં આવી હતી. તમામ પોથી યજમાનોએ આવો અણમોલ લાભ મળવાથી ધન્યતા અનુભવી હતી. ૩૯ ભૂદેવો અને ૫૧ સાં.યો. બહેનો સત્શાસ્ત્રનું મૂક પઠન કરતા હતા. સમગ્ર વાતાવરણ ભક્તિમય અને આલ્હાદક બની ગયું હતું.

કથા દરમિયાન આવતા પ્રસંગોને વધુ પ્રભાવશાલી બનાવવા અને શ્રોતાગણમાં કથા શ્રવણની અભિવૃદ્ધિ કરવા સંતો સ્વામી અક્ષરમુક્તદાસજી, સ્વામી શ્રીજીનંદનદાસજી, સ્વામી નીલકંમુનિદાસજી અને સ્વામી વાસુદેવપ્રિયદાસજી, તબલાવાદક સ્વામી કપિલમુનિદાસજીએ સંગીતના સથવારે કીર્તનોની રમઝટ અને અદ્‌ભુત વાતાવરણનો અનુભવ કરાવ્યો હતો.

ભુજ મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમંહત સ.ગુ. સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સ.ગુ. પ્રેમપ્રકાશદાસજી,

કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડિલ સંતોની પ્રેરણા અને આશીર્વાદથી કોઠારી સંતો સર્વશ્રી સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી દેવસ્વરૂપદાસજી, સ્વામી ધર્મજીવનદાસજી, સ્વામી ઉત્તમપ્રિયદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, સ્વામી શ્રીવલ્લભદાસજી, સ્વામી નારાયણદાસજી, તથા સ્વામી હરિપ્રસાદદાસજીના સુઝસભર માર્ગદર્શન હેઠળ અલગ અલગ સમિતિના સંતોએ પોતાની કાર્યકુશળતાનો પરિચય આપ્યો હતો. ફૂલો અને પુષ્પહારની વ્યવસ્થા સ્વામી જ્ઞાનસ્વરૂપ દાસજી સંભાળી હતી. જ્યારે ભૂદેવો, યજમાનો અને મહેમાનો સહિત તમામની ભોજન વ્યવસ્થા ખૂબજ પદ્ધતિસર અને વ્યવસ્થિત રીતે સમયપાલન સાથે સર્વશ્રી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી તથા સ્વામી કૃષ્ણવિહારીદાસજી એ સંભાળી હતી. રસોડામાં ભોજન સામગ્રી સપ્લાય અને તે સંબંધિત કાર્ય કેરા ગામના તથા અલગ અલગ ગામના હરિભક્તોએ સંભાળ્યું હતું. જયારે પીરસવાની સેવાનું કાર્ય કેરા ગામના તથા અન્ય ગામના ભાઈઓ - બહેનો ખૂબ જ કાળજીપૂર્વક કર્યું હતું અને સૌને આનંદસહ તૃપ્ત કર્યા હતાં.

વિશ્વના લાખો હરિભક્તોએ ટી.વી.ના માધ્યમથી કથા શ્રવણનો લાભ લીધો. જેના લાઈવ પ્રસારણનું કાર્ય પાર્ષદ ખીમજી ભગત અને પાર્ષદ દિનેશ ભગતે સંભાળ્યું હતું.

તા. ૧૧-૧૨-૨૦૨૧ ના શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં સમૂહ મહા પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૯ કલાકે મહાપૂજાની સરૂઆત કરવામાં આવી હતી. સ.ગુ.સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજીએ સર્વે હરિભક્તોને મહાપૂજા કરાવી હતી. ભુજ તથા અન્ય આજુ બાજુના ગામોના લોકોએ ખૂબ મોટી સંખ્યામાં પધારી મહાપૂજાનો લાભ લીધો હતો. મહાપૂજાના અંતે મહંત સ.ગુ.સ્વામી ધર્મનંદનદાસજીએ સર્વે હરિભક્તોને રૂડા આશીર્વાદ આપતા કહ્યું હતું કે જેના અનંત જન્મોના પુણ્ય ઉદય થયા હોય તેમને જ આ મહાપૂજાનો લ્હાવો મળે તો તમે સૌ ખૂબ ભગ્યશાળી છો. મહાપૂજામાં પધારેલ સૌ હરિભક્તોને ખાસ મહાપૂજા કરવા માટે યંત્ર આપવામાં આવ્યું હતું અને અંતે સૌ હરિભક્તો તુલસીપત્રનો પ્રસાદ લઈ છુટા પડ્યા હતા.

સમૂહ ભગવત સપ્તાહ પારાયણ પ્રસંગે સર્વે યજમાનોનું તથા અતિથી વિશેષનું સન્માન કરવામાં આવ્યું હતું. બહેનોને સન્માન મહિલા મંદિરના મહંત સાં.યો. સામબાઈ ફઈએ કર્યું હતું.

સભાનું સંચાલન શા. સ્વામી શુકદેવસ્વરૂપ દાસજી તથા પુ.સ્વામી હરિકૃષ્ણદાસજીએ ખૂબ જ સુંદર રીતે કરીને સૌને માર્ગદર્શન પુરું પાડયું હતું.

તા. ૧૨-૧૨-૨૦૨૧ યોજાયેલ નારાયણયજ્ઞમાં સંતો, ભૂદેવો, યજમાનો તથા હરિભક્તોએ આહૂતિઓ આપી હતી.

**શ્રી સ્વામિનારાયણ મંદિરને પ્રાપ્ત થયેલ સેવાઓ**

**ચાંદીની પાલખી**

પ.ભ શ્રી ડો. એચ.વી.કેરાઈ, ધ.પ. પુષ્પાબેન, સુપુત્ર નરેશ હરજી કેરાઈ ધ.પ. રમીલાબેન, સુપુત્ર રાજેશભાઈ હરજી કેરાઈ ધ.પ. રમાબેન સુપુત્રી લક્ષ્મીબેન જમાઈશ્રી ભીમજીભાઈ ભંડેરી સપરિવાર-અંજાર હાલે લંડન.

અ.નિ. કુંવરજીભાઈ કરસન કેરાઈ ધ.પ. અ.નિ.અમરબેન, પ.ભ. હિરજીભાઈ કુંવરજીભાઈ કેરાઈ ધ.પ. રામબાઈ, સુપુત્ર વાલજીભાઈ કેરાઈ

ધ.પ. સવિતાબેન, રાજેશભાઈ વાલજી કેરાઈ ધ.પ. પ્રિનલબેન, તરંગભાઈ વાલજી કેરાઈ, સુપુત્રી નયનાબેન જેન્તિભાઈ પિંડોરીયા, સુપુત્ર અ.નિ.જયેશ હિરજી કેરાઈ, સુપુત્રી ધનીબેન કરસન હિરાણી, સુપુત્રી મંજુબેન પરેશ હિરાણી સપરિવાર - ભુજ તરફથી શ્રી ઠાકોરજીને ચાંદીની પાલખી અર્પણ કરવામાં આવી હતી.

**૩ જાંબો પંખા**

અ.નિ. ધનજીભાઈ કાનજી હાલાઈ, ધ.પ.ગં.સ્વ. કાનબાઈ ધનજી હાલાઈ, સુપુત્ર જગદીશભાઈ હાલાઈ ધ.પ. કાન્તાબેન, સુપુત્ર વિનોદભાઈ હાલાઈ ધ.પ. અમૃતબેન, પૌત્ર સુમીત, રૂષીલ, નિહાલ, વિશેષ, પૌત્રી જસવી સપરિવાર શ્રી નરનારાયણદેવ સભામંડપ માટે ૩ જાંબો પંખા શ્રી ઠાકોરજીને અર્પણ કર્યા હતા.

**રોટલી મશીન**

અ.નિ.માતૃશ્રી દેવબાઈ ગોવિંદ વરસાણી, સુપુત્ર રવજીભાઈ ગોવિંદ વરસાણી ધ.પ. ધનબાઈ, પુત્ર કિશન રવજીભાઈ વરસાણી ધ.પ. બિંદિયાબેન, પૌત્રી મૂર્તિ વરસાણી, પુત્રી શાંતાબેન હર્ષદ વેકરીયા, પુત્રી રીનાબેન સુરેશ પિંડોરીયા, પુત્રી ડિમ્પલબેન જોષીલ હિરાણી સપરિવાર - કેરા હાલે મોશી (ટાન્ઝાનિયા) હસ્તે નવિનભાઈ પાંચાણી - કેરા ના તરફથી શ્રી સ્વામિનારાયણ મંદિર ના હરિભક્તોના રસોડા માટે ઓટોમેટીક રોટલી બનાવાનું મશીન શ્રી ઠાકોરજીને અર્પણ કરવામાં આવ્યું હતું.

**ચાંદીનો બાજોઠ**

પિતાશ્રી નારણ રવજી વેલાણી માતૃશ્રી કાનબાઈ નારણ વેલાણી , હ. સુપુત્ર દિનેશ નારણ વેલાણી ધ.પ. ધનુબેન , પુત્ર રાજ તથા ભાઈ ભીમજી નારણ વેલાણી ધ.પ. રાધાબેન સપરિવાર - સુખપર તરફથી શ્રી ઠાકોરજીની મહાપૂજા માટે ચાંદીનો બાજોઠ અર્પણ કરવામાં આવ્યો હતો.

**સોનાના ઝાંઝ**

કેરાના અ.નિ.સાં.યો. નાનબાઈ ફઈની પુણ્યસ્મૃતિમાં તથા ભુજ શ્રી નરનારાયણદેવના ૧૯૭માં પાટોત્સવ પ્રસંગે ગામ કેરાના શ્રી સ્વામિનારાયણ મંદિર બહેનોના સિંહાસનના ઠાકોરજી માટે સોનાના ઝાંઝર અર્પણ કરવામાં આવ્યાં હતા.

**વચનામૃત જયંતિના દિવસે ગ્રંથરાજ વચનામૃતના સમૂહપાઠ**

ભગવાન શ્રી સ્વામિનારાયણની પરાવાણી સમાન ગ્રંથરાજ વચનામૃતની ૨૦૨માં અવતરણ દિવસે તા. ૭ ડિસેમ્બર, ૨૦૨૧ને મંગળવારના રોજ ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના દિવ્ય સભામંડપમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક - યુવતી મંડળ-ભુજ ના યુવાનો તેમજ અન્ય ભુજ શહેરના હરિભક્તો દ્વારા ગ્રંથરાજ વચનામૃતના સમૂહ પાઠ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાત્રે શયન આરતી બાદ યોજાયેલા આ સમૂહ પાઠના આયોજનમાં બહોળી સંખ્યામાં સંતો-હરિભક્તો જોડાયા હતા. સભામંડપમાં રજત ખુરશી પર બિરાજમાન શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમજ તેમના પવિત્ર સંતોની હાજરીમાં દરેક હરિભક્તે સંતોની સૂચના અનુસાર નક્કી કરાયેલા વચનામૃતના ભાવથી પાઠ કર્યા હતા. લગભગ પોણો કલાક સુધી ચાલેલા સમૂહ પાઠના અંતે ભુજ મંદિરના વચનામૃતના જ્ઞાતા પ.પુ. સદ્ગુરુ શ્રીહરિદાસજી સ્વામીએ વચનામૃતના જન્મ અંગેની તેમજ તેના મહાત્મ્યની વાત કરી સહુ યુવાનોને વચનામૃતના અભ્યાસી

બનવાની ટકોર કરી હતી. આ સમૂહપાઠમાં ભુજ મંદિરના ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદજીવન દાસજી તેમજ અન્ય સંતો-પાર્ષદો પણ ઉપસ્થિત રહ્યા હતા.

**ધનુર્માસની ભવ્ય ઉજવણી**

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૬-૧૨-૨૦૨૧ થી તા. ૧૪-૦૧-૨૦૨૨ એકમાસ સુધી દરરોજ વહેલી સવારે ૬.૦૦ શણગાર આરતી બાદ શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન વાજિંત્ર સહિત રમઝટ બોલાવવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ.ગુ.સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી જગતપાવનદાસજી, સ.ગુ.સ્વામી નિરન્નમુકત દાસજી,સ.ગુ.સ્વામી શ્રીહરિદાસજી આદિ સર્વે નાના મોટા બ્રહ્મનિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં વાંજિત્ર સહિત મહામંત્રની ધૂનનું ગાન કરવામાં આવેલ. જેમાં વિશાળ સંખ્યામાં સત્સંગી ભાઈઓ - બહેનો ઉપસ્થિત રહી પોતાના જીવનને ધન્ય બનાવી રહ્યા છે.

દરરોજ મોટી સંખ્યામાં હરિભક્તો ધૂનના યજમાન બની શ્રી ઠાકોરજીની રાજી કર્યા હતા. ધૂન બાદ ગામ ગામથી આવેલ સંતો પોતાના અંતરના રૂડા આશીર્વાદ પાઠવતા અને મહંત સ્વામી દ્વારા યજમાનશ્રીઓને પુષ્પની માળા પહેરાની સન્માનીત કરાઈ રહ્યા છે.

દરરોજ હરિભક્તોને ધૂન બાદ પ્રસાદ આપવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન ભુજ મંદિર ના કોઠારી સંતો દ્વારા કરવામાં આવ્યું હતું. સંચાલન શા.સ્વામી શુખનંદનદાસજી સંભાળી રહ્યા છે.

**ભુજ મંદિરનું ગૌરવ**

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા આપણી શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળા ચાલે છે. ૨ વિદ્વાન સંતને અભ્યાસ કરાવી રહ્યા છે. ૯૦ વર્ષથી વધારે સમય પૂર્ણ કરતી આ કચ્છની સૌથી જૂની પાઠશાળા છે. આ પાઠશાળામાં પ્રધાન આચાર્ય તરીકે અનેક વિદ્વાનોની સેવા મળી છે, તો પાઠશાળામાંથી ભણીને તૈયાર થયેલા આપણા ભુજનાં સંતો અનેક રીતે શ્રી ઠાકોરજી, કચ્છ સત્સંગ અને સંપ્રદાયની અનેકવિધ સેવા કરી રહ્યા છે.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિર્વસીટી વેરાવળ સોમનાથ નીચે ગુજરાતમાંથી ૩૯થી વધારે પાઠશાળાઓ ચાલે છે. તે સર્વે પાઠશાળાઓ યુનિર્વસીટીના માર્ગદર્શન પ્રમાણે હાલમાં તા.૦૯/૧૦-૧૨-૨૦૨૧ના સંસ્કૃત યુવા મહોત્સવનું આયોજન કરેલું. તેમાં સંસ્કૃતમય શાસ્ત્રીય સ્પર્ધાઓની ગોઠવણી કરેલ. તેમાં શાસ્ત્રીય ગાયન/વાદ્ય સ્પર્ધામાં આપણી સંત સંસ્કૃત પાઠશાળાનાં વિદ્યાર્થી સંત સ્વામી વ્રજજીવનદાસજી તૃત્ય ક્રમે વિજય થયા છે.

વિજય વધામણાના અવસારમાં યુનિર્વસીટીના કુલપતિ, કુલસચીવ વગેરે મહાનુંભાવોના વરદ્ હસ્તે કાશ્ય પદક તથા પ્રસસ્તી પત્રક આપી વિજેતા સ્થાને સ્વામી વ્રજજીવનદાસજી બહુમાન કરવામાં આવ્યું હતું. વિજેતા સંતને પુજ્ય મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

મહંત સ્વામી આદિ સંતો રૂડા આશીર્વાદ સાથે આગળ વધો તેવી શુભકામનાઓ પાઠવી છે. આપણું ભુજ મંદિર કચ્છ સત્સંગ અને આપણા સંપ્રદાયનું ગૌરવ છે.

સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી

## અંજાર મંદિરે વિવિધ ઉત્સવો તેમજ પારાયણો સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ

ઐતિહાસિક શહેર અંજારમાં વિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજની અસીમ કૃપાથી તથા ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા અંજાર મંદિરના મહંત સ.ગુ.સ્વામી લક્ષ્મીપ્રસાદ દાસજી, સ.ગુ. પુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ.ગુ. પુ. સ્વામી શાંતિપ્રિય દાસજી, સ.ગુ.પુ. સ્વામી વિશ્વવલ્લભ દાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોના આશિર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર અંજારમાં સર્વ પિતૃઓનાં મોક્ષાર્થે તા.૨૨-૧૧-૨૦૨૧ સોમવારથી તા.૨૮-૧૧-૨૦૨૧, રવિવાર સુધી ભગવાન શ્રી વેદવ્યાસ રચિત સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ એવં નારાયણયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તા પદે પુ. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, પુ. સ્વામી દેવનંદન દાસજી, પુ.સ્વામી નિર્ભયસ્વરૂપદાસજી રહ્યા હતા. કથાને સુમધુર, કર્ણપ્રિય બનાવા માટે સંગીતમાં ગવૈયા કોઠારી સ્વામી શ્રીજીનંદનદાસજી તથા સ્વામી વ્રજવિહારી દાસજીએ સાથ આપ્યો હતો. તા.૨૧-૧૧-૨૧ રવિવારની પૂર્વ સંધ્યાએ સ્વામિનારાયણ સરોવરથી ૨૦૦ ભાગવત પોથીની ભવ્ય પોથીયાત્રા કાઢવામાં આવી હતી.જેમાં શા. સ્વામી દેવચરણદાસજી, સ્વામી સત્યજીવનદાસજી, પુ. સ્વામી વ્રજવિહારીદાસજી, સ્વામી નૌતમચરણદાસજી આદિ સંતોના માર્ગદર્શન હેઠળ વિશાળ મંડપમાં ૨૦૦ ભાગવત પોથીજીની ગોઠવણી કરવામાં આવી હતી. ત્યાર પછી સંતો - ભુદેવોનાં મુખે મંત્રોચ્ચારની સાથે કથાનાં મુખ્ય યજમાન એવા અ.નિ.દિનેશભાઇ દામજીભાઇ રાચ્છ ગં.સ્વ.ધ.પ. પુષ્પાબેન, સુપુત્રો હેમાંગ તથા જૈમિન આદિ રાચ્છ પરિવાર, સહ યજમાનો, પોથીઓના તમામ યજમાનો દ્વારા પોથીજીનું પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું ત્યાર પછી સર્વે પોથીઓની સમૂહ આરતી કરીને વાજતે-ગાજતે ૨૦૦ પોથીઓની અંજાર શહેરનાં મુખ્ય માર્ગોમાંથી ભવ્ય પોથીયાત્રા કાઢવામાં આવી હતી.૫:૦૦ વાગ્યે મંદિરમાં પોથીયાત્રાએ વિરામ લીધો હતો. સંતો દ્વારા સુનિશ્ચિત કરેલા સ્થાન ઉપર દરેક પોથીઓને રાખવામાં આવી હતી. સંહિતા પાઠમાં જે ભુદેવોની વરણી કરવામાં આવી હતી એવા ભુદેવોને પીતાંબરી તથા ખેશ અર્પણ કરીને પૂજા કરવામાં આવી હતી. અંતમાં પધારેલા દરેક યજમાનશ્રીઓને સ.ગુ. પુ. સ્વામી શાંતિપ્રિય દાસજીએ આશીર્વાદ પાઠવ્યા હતા.

તા.૨૨-૧૧-૨૧ સોમવારના પવિત્ર દિવસે શણગાર આરતી કરીને અંજાર મંદિરના ગોર શાસ્ત્રી યોગશ મહારાજ દ્વારા કથાનું સ્થાપન પૂજન કરવામાં આવ્યું હતું. કથાનાં પ્રારંભના દિવસે સવારે ૮:૩૦ વાગ્યે ભુજથી પધારેલા સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી,સદ્ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી દેવપ્રકાશ દાસજી, સ.ગુ. સ્વામી ભક્તિપ્રિયદાસજી, સ.ગુ. સ્વામી સનાતનદાસજી, તથા અંજાર મંદિરના મહંત સ.ગુ.સ્વામી લક્ષ્મીપ્રસાદ દાસજી, સ.ગુ. પુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી આદિ વડિલ-વિદ્વાન સંતોના વરદ હસ્તે સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહિક કથાનું દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું આ મંગલ અવસરે કચ્છ ચોવિસી – અબડાસા તથા વાગડ માંથી ૩૦૦ સાં.યોગી બહેનનો પધારીને શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. દિપ પ્રાગટય પછી પુ.સ્વામી દેવનંદનદાસજીએ ભાગવત કથાનો

પ્રારંભ કરાવીને ભાગવત મહાત્મ્યની કથા સંભળાવી હતી. બપોર પછી પુ.સ્વામી નિર્ભયસ્વરૂપદાસજીએ ધ્રુવ આખ્યાન સંભળાવીને શ્રોતાઓને શીખ આપી હતીકે ભગવત પ્રાપ્તિમાં ધ્રુવ જેવી શ્રદ્ધા-એક ટેક અને મુમુક્ષુતા હોવી જરૂરી છે. ધ્રુવની પેઠે જેના જીવનમાં ભગવત પ્રાપ્તિ માટેનો ખરો ખપ છે. તેને ભગવાન ચોક્કસ મળે છે. કથાના અંતમાં સ્વામી દિવ્યપ્રસાદ દાસજીએ આશીર્વાદ પાઠવ્યા હતા.

તા.૨૪-૧૧ને બુધવારે કથા અંતર્ગત સાંજે ૫:૦૦ વાગ્યે અતિધામ-ધુમથી રામજન્મોત્સવની ઉજમણી કરવામાં આવી હતી. કથાના વક્તા કોઠારી શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ "દશરથ ઘેર, આનંદ ભયો. જય રઘુવર લાલકી"ની ધૂન દ્વારા પધારેલા તમામ શ્રોતાજનોને રામજન્મોત્વમાં આહલાદક કર્યા હતા. રામજન્મોત્સવનાં યજમાન અને દશરથનું પાત્ર ભજવનાર અંજાર નિવાસી પ્રેમજીભાઇ ડાયાભાઇ માલસત્તરનું અંજાર મંદિરના મહંત પુ.સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ અવસરે માંડવી મંદિરથી કો.શા.સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, સ.ગુ. પુ.સ્વામી હરિબળદાસજી આદિ સંતો પધારીને યજમાનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. કથાને અન્તે સર્વે પિતૃઓનું પૂજન કરાવીને આરતી કરવામાં આવી હતી.

તા. ૨૫-૧૧ ગુરૂવાર એટલે કથાનો અર્ક દિવસ હતો. કથાના વક્તાશ્રીએ અદ્‌ભૂત રામાયણની કથાર્નો પ્રારંભ કરાવ્યો હતો. રામાયણ કથા દ્વારા શીખ આપી હતી કે રામાયણ જીવતા શીખવાડે છે. અને પરિવારમાં પરસ્પર હેત-પ્રેમ રાખીને જીવવાની ભલામણ કરી હતી. બપોર પછી કથા અંતર્ગત કૃષ્ણ જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કૃષ્ણ જન્મોત્સવના યજમાન તરીકે મુકેશભાઇ વસંતભાઇ ટાંક, અમદાવાદ વાળા રહ્યા હતા. નંદજી-વસુદેવ-કૃષ્ણ-બલરામનું આબેહુબ પાત્ર ભજવીને બાલ કૃષ્ણ ભગવાનને શેષશાઇ ટોપલામાં બીરાજમાન કરીને સભામાં પધાર્યા હતા. ત્યાર પછી અતિ ધામધૂમથી નંદઘેરાનંદ ભયો, જય કનૈયા લાલકી દ્વારા કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ખાસ આ પ્રસંગે નિંગાળ ગામના આહિર સમાજના યુવાનોએ ટ્રેડીશનલ ડ્રેસમાં અદ્‌ભુત રાસ રજુ કર્યો હતો. ઉપરોક્ત પ્રસંગમાં ભુજ-પ્રસાદિ મંદિર- માંડવી – ગુરુકુલોથી મોટી સંખ્યામાં સંતો એવં રાજદ્વારેથી રાજકીય પુરુષો-ધનશ્રેષ્ટીઓ પધારીને શોભા વધારી હતી. કથાને અન્તે પધારેલા દરેક યજમાનો એવં મહેમાનોને મિશ્રીનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. પુ.સ્વામી ભક્તિવિહારીદાસજી, પુ.સ્વામી ચંદ્રપ્રકાશદાસજી, પુ. સ્વામી શાંતિસ્વરૂપદાસજી,પુ. સ્વામી શ્રીજીપ્રકાશદાસજી આદિ સંતોની સાથે વાડાસર-માંડવીનાં હરિભક્તો દ્વારા તૈયાર કરવામાં આવતો ઘનશ્યામ ભોજનાલયમાં શુદ્ધ-સાત્વિક પ્રસાદ દરરોજ ૩૦૦૦ ભક્તોને આપવામાં આવતો હતો. સંતોના ભંડારમાં પુ. સ્વામી દિવ્યમુનીદાસજીએ સરસ સેવા સંભારી હતી.

તા. ૨૬-૧૧ શુક્રવારે વક્તાશ્રીએ કૃષ્ણ બાલચરિત્રની કથા સંભાળાવી હતી. કથા અંતર્ગત ગોવર્ધન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. કથાના સ્ટેજ ઉપર સ્વામી સત્યજીવનદાસજી,પુ. સ્વામી પૂર્ણ સ્વરૂપદાસજી, સ્વામી નિર્ભયજીવન દાસજી તથા યુવાનો દ્વારા આબેહુબ ગોવર્ધન પર્વતની રચના કરવામાં આવી હતી. યજમાન કિર્તિભાઇ

મુળજીભાઇ આથા પરિવાર દ્વારા છપ્પન ભોગનો અન્નકૂટ ભગવાન બાલકૃષ્ણલાલને ધરાવામાં આવ્યો હતો. અંતમાં સંતો એવં યજમાન પરિવાર દ્વારા ગોવર્ધન પૂજન-આરતી કરવામાં આવી હતી.

તા.૨૭-૧૧ શનિવારનાં રોજ કથા અંતર્ગત ભવ્ય રૂક્ષ્મણી વિવાહ કરવામાં આવ્યો હતો. કથાનાં મુખ્ય યજમાન રાચ્છ પરિવાર રૂક્ષ્મણી વિવાહનું યજમાન પદ સ્વીકારીને રૂક્ષ્મણીજીનાં ભગવાન શ્રી દ્વારીકાધીશ સાથે લગ્ન કરાવ્યા હતા. લગ્નને અંતે પધારેલા જાનૈયા-માંડવીયાને કંસારનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. આ મંગલ અવસરે ભુજથી સમગ્ર સાં.યો. બહેનોના ગુરુપદે રહેલાં મહંત સાં.યોગી સામબાઇ ફઇ પધારીને મહોત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. તમામ યજમાનશ્રીઓનાં ધર્મ પત્નિઓનું મહંત સાં.યોગી સામબાઇ ફઇ તથા અંજાર મંદિરનાં મહંત સાં.યોગી ત્રિવેણીબાઇ,સાં.યોગી જયાબાઇ ,સાં.યોગી મંજુલાબાઇ ,સાં.યોગી પુષ્પાબાઇ આદિ ફઇ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

તા.૨૮-૧૧ રવિવારનાં પ્રાતકાળની કથામાં ભુજથી મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશ દાસજી, સ.ગુ.સ્વામી નિરન્નમુક્ત દાસજી, સ્વામી સ્વયંપ્રકાશ દાસજી, સ.ગુ. સ્વામી જગતપાવન દાસજી વગેરે બહોળી સંખ્યામાં સંતો પધારીને યજમાનશ્રીઓ એવં ભાગવત પોથીઓનું મુખપાઠ વાંચન કરી રહેલા તમામ ભૂદેવોને આશીર્વાદ પાઠવ્યા હતા. ઉત્સવ દરમ્યાન પેરામણીની તમામ સેવા પુ. સ્વામી શ્રીજીપ્રિય દાસજીએ સંભારી હતી. ઉત્સવમાં સેવા કરી રહેલા તમામ સ્વયંસેવકોનું સન્માન કરવામાં આવ્યું હતું.

કથાને અંતે સાંજે ૬:૦૦ વાગ્યે સ.ગુ.સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીનાં મંડળના સર્વે સંતોનું મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું, મહંત સ્વામીએ સંપૂર્ણ કથાનાં ફળ રૂપે દરેક યજમાનશ્રીઓને એવં અંજાર શહેરનાં તમામ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા. છેલ્લે ભૂદેવો દ્વારા કથાનું ઉત્તર પૂજન યજમાનો દ્વારા કરાવીને ભાગવત કથાની ઢળતી સંધ્યાએ સમાપ્તી કરવામાં આવી હતી.

તા.૨૯-૧૧ સોમવારે મંદિરનાં પટાંગણમાં ભવ્ય સહુ પ્રથમવાર નારાયણયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫૦ યજમાનો દ્વારા મંત્રોચ્ચારની સાથે યજ્ઞનારાયણ ભગવાનને આહૂતી આપવામાં આવી હતી ૧૧:૦૦ વાગ્યે અંજાર મંદિરનાં મહંત સ.ગુ.સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ.ગુ. પુ. સ્વામી શાંતિપ્રિયદાસજી, પુ. સ્વામી અદ્‌ભુતચરણ દાસજી, સ.ગુ.શા. સ્વામી વિશ્વવલ્લભદાસજી, પુ.સ.ગુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, પુ. સ્વામી શાંતિસ્વરૂપદાસજી, શા. સ્વામી શાસ્ત્રી દેવચરણ દાસજી, કોઠારી સ્વામી શ્રીજીનંદનદાસજી, આદિ સર્વે સંતો દ્વારા શ્રીફળ હોમવામાં આવ્યું હતુ. યજ્ઞને અંતે સ.ગુ. પુ. સ્વામી શાંતિપ્રિયદાસજીએ આશીર્વાદ પાઠવ્યા હતા કે જેનાં નિમિત્તે કથા કરાવી છે એવાં સર્વે પિતૃઓ વિમાનમાં બેસીને ભગવાનનાં ધામમાં જાય છે. એમાં શંકાનું કોઇ સ્થાન નથી આવા ખાત્રી પૂર્વકનાં આશીર્વાદ આપીને નારાયણયજ્ઞની સમાપ્તિ કરવામાં આવી હતી. સમૂહ શ્રીમદ્‌ ભાગવત સપ્તાહ પારાયણને સફળ બનાવા માટે વડીલ સંતોની આજ્ઞાથી યુવાન સંતો, અંજાર શહેરનાં વાડી વિસ્તારના તેમજ બોન્સા વિસ્તારના યુવક-યુવતીઓ તેમજ

સાં.યો.બહેનો સર્વે સાથે મળીને જહેમત ઉઠાવી હતી. સમગ્ર કથાનું સંચાલન શા. સ્વામી શાસ્ત્રી દેવચરણદાસજીએ કર્યું હતું.

લી. કો.શા.સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, અંજાર.

**વચનામૃત જયંતી**

તા.૦૭/૧૨/૨૧ના વચનામૃત જયંતીના રોજ શ્રી ઘનશ્યામ મહારાજની પ્રસન્નતાર્થે પૂજન તથા આરતી થી ધામધૂમથી ઉજવાયેલ પૂજન કોઠારી શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ શ્રી ઘનશ્યામ મહારાજના સાંનિધ્યમાં સવારે વચનામૃત પૂજન કરાવેલ, ભાઈઓ તથા બહેનો પૂજનમાં જોડાયેલ અનેક ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. અંજાર મંદિરના મહંત પુ.સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ.ગુ.પુ.સ્વામી શાંતિપ્રિયદાસજી, સ.ગુ.શા.સ્વામી વિશ્વવલ્લભ દાસજી, આદિ સંતોએ પધારેલા જમાનશ્રીઓ તથા ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

**પવિત્ર ધનુર્માસ દરમ્યાન મહામંત્રની ધૂન**

અંજાર મધ્યે બીરાજમાન સર્વાવતારી ભગવાન શ્રી ઘનશ્યામ મહારાજના શુભ સાનિધ્યમાં અંજાર મંદિરના મહંત સ.ગુ.સ્વામી લક્ષ્મીપ્રસાદ દાસજી, સ.ગુ. પુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજીની આજ્ઞાથી અંજાર મધ્યે શ્રી ઘનશ્યામ મહારાજની માસીક ધૂનનું તા.૧૬-૧૨-૨૦૨૧ થી તા.૧૪-૦૧-૨૦૨૧ સુધી સવારે ૬ થી ૭ માં આયોજન થયુ હતું. એક દિવસ તથા સમગ્ર માસ માટે ઘણા હરિભક્તો યજમાન પદે રહી પોતાના સ્વજનોના મોક્ષાર્થે અને સંતો, હરિભક્તોની પ્રસન્નતાર્થે શ્રીધનશ્યામ મહારાજના શુભ સાનિધ્યમાં મંદિરમાં ધનુર્માસ નિમીતે ધૂનનું આયોજન કરેલ છે જેની શુભ શરૂઆત તા.૧૬-૧૨-૨૦૨૧ના સવારના શણગાર આરતી બાદ છને ટકોરે મહંતસ્વામીના વરદ હસ્તે દિપ પ્રાગટ્ય કરી સંગીતના સથવારે થયેલ છે. અને ઉદારતાથી પ્રસંગ ઉજવાઇ રહ્યો છે. વડીલ પૂ.સંતોએ આ પ્રસંગે પધારી શોભામાં અભિવૃદ્ધિ કરે છે, આ માટે વિવિધ પ્રકારના પ્રસાદ દ્વારા સર્વે હરિભક્તોને ધન્ય કરી આખું વાતાવરણ કર્ણપ્રિય બનાવા માટે સંગીતમાં ગવૈયા કોઠારી સ્વામી શ્રીજીનંદનદાસજી દ્વારા ભક્તિસભર તથા સંગીતમય બન્યું છે. મહંત સ.ગુ.સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ.ગુ. પુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ.ગુ.શા. સ્વામી વિશ્વવલ્લભ દાસજી, સ.ગુ. પુ. સ્વામી શાંતિપ્રિયદાસજી, પુ. સ્વામી અદ્‌ભુતચરણદાસજી, પુ. સ્વામી ચંદ્રપ્રકાશ દાસજી, પુ. સ્વામી શાંતિસ્વરૂપદાસજી આદિ સંતો સભામાં પ્રવચનમાં જોડાય છે તથા સભા આયોજન તથા સંચાલન શા.સ્વામી દેવનંદનદાસજી શોભાવે છે.વાડી વિસ્તારના, અંજારના તથા બેન્સા વિસ્તારના હરિભક્તો તથા કચ્છ શ્રી નરનારાયણદેન યુવક - યુવતી મંડળ શહેર અને વાડી વીસ્તાર તથા આસપાસના ગામોના હરિભક્તો પોતાનો અણમોલ કિંમતી સમય આપીને જોડાયા છે. હરીભક્તોની ભારેભીડ જામી રહે છે. સભા બાદ ભક્તોને વિવિધ પ્રસાદ દરરોજ અપાય છે.

સમગ્ર કાર્યક્રમોને સફળ બનાવવા માટે અંજાર મંદિરના પુ. સ્વામી શાંતિસ્વરૂપદાસજી, કોઠારી સ્વામી શ્રીજીનંદનદાસજી, કોઠારી શા.સ્વામી કૃષ્ણવલ્લભ દાસજી તથા શા.સ્વામી દેવનંદનદાસજી, પુ. સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી, આદિ સંતો, તથા અંજાર મંદિરના સર્વે સાંખ્યયોગી બહેનો તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક, યુવતી મંડળના સભ્યોએ મહા

જહેમત ઉઠાવી રહ્યા છે.

- અહેવાલ, ઠક્કર મેહુલભાઇ પ્રવિણચંદ્ર (અંજાર)

**માંડવી મંદિરે વિવિધ ઉત્સવો તેમજ પારાયણો**

માંડવી મંદિરના મહંત સ.ગુ.પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી, સ.ગુ. સ્વામી હરિબળદાસજી આદિ સંતોના સાનિધ્માં નીચે પ્રમાણે પારાયણો યોજાઈ હતી.

**શ્રી ભક્તચિંતામણિ કથા**

તા. ૨૭-૧૧-૨૦૨૧ થી ૦૧-૧૨-૨૦૨૧ દરમિયાન પિયાવાના અ.નિ. લાલજીભાઈ કરસન કેરાઈની પુણ્યસ્મૃતિમાં ભક્તચિંતામણીનું પાંચ દિવસ આયોજન કરાયું હતું. શા.સ્વામી શુકમુનિદાસજી તથા પુરાણી સ્વામી રામાનુજદાસજીએ કથા સંભળાવી હતી. ગં.સ્વ. પ્રેમબાઈ તથા સુપુત્રો કાંતિલાલભાઈ તથા અરવિંદભાઈ સપરિવાર સાથે આ આયોજન થયું હતું. યજમાન પરિવારને પહેરામણી કરવામાં આવી હતી.

**શ્રી સત્સંગિભૂષણ કથા**

તા. ૦૨-૧૨-૨૦૨૧ થી ૦૬-૧૨-૨૦૨૧ દરમિયાન શ્રી સત્સંગિભૂષણ કથા અ.નિ. કરસનભાઈ, અ.નિ. કાનબાઈ, અ.નિ. પ્રેમજીભાઈ, અ.નિ. અમૃતબેન કલ્યાણ છભાડીયાની પુણ્યસ્મૃતિમાં શ્રી વાસુદેવાનંદવર્ણિ વિરચિત શ્રી સત્સંગિભૂષણની પંચાહ્ન પારાયણનું આયોજન સંગીત સાથે કરવામાં આવ્યું હતું. વક્ત પદે શા. સ્વામી દેવવિહારીદાસજી તથા સ્વામી રાઘવમુનિદાસજી રહ્યા હતા. સંગીત સ્વામી જનમંગલદાસજી તથા સ્વામી દેવપ્રિયદાસજી સંભાળ્યું હતું. કથાના યજમાન ગં.સ્વ. કાનબાઈ પ્રેમજી છભાડીયા, પુત્ર કલ્યાણ પ્રેમજી છભાડીયા ધ.પ. વિજયાબેન, પૌત્ર રમેશભાઈ ધ.પ. શિલ્પાબેન, પૌત્ર રાજેશભાઈ ધ.પ. શિલ્પાબેન આદિ સપરિવાર રહ્યા હતા. યજમાન પરિવારને પહેરામણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ભુજ, અંજાર, પ્રસાદિ મંદિરથી સંતો પધારી દર્શન આશીર્વાદનો લાભ આપ્યો હતો.

**શ્રી ઘનશ્યામલીલામૃત સાગર**

તા. ૦૯-૧૨-૨૦૨૧ થી ૧૩-૧૨-૨૦૨૧ દરમિયાન ભારાપરના અ.નિ. કાનબાઈ માવજી ભુડિયા તથા અ.નિ. નાનજીભાઈ વિશ્રામ શિયાણી આ બે પરિવારના સંયુક્ત યજમાન પદે મંદિરમાં પાંચ દિવસની શ્રી ઘનશ્યામલીલામૃત સાગરની કથાનું આયોજન કરાયું હતું.

વક્તા પદે શા. સ્વામી શુકમુનિદાસજી, પુરાણી સ્વામી દેવવિહારીદાસજી રહ્યા હતા. યજમાન પદે ભારાપરના પ.ભ. કુંવરજીભાઈ સામજી કેરાઈ, ધ.પ. રાધાબાઈ, પુત્ર જયેશભાઈ ધ.પ. ભાવનાબેન પોત્રી દિપાંશી સુપુત્ર સીમિતભાઈ ધ.પ. રિંકલબેન સપરિવાર રહ્યા હતા. એ બીજા યજમાન ગામ ભારાપરના ગં.સ્વ. વાલબાઈ નાનજી શીયાણી સુપુત્ર કરસનભાઈ ધ.પ. રાધાભાઈ ધ.પ.શાંતાબેન, પુત્ર શિવજીભાઈ ધ.પ. જશુબેન પૌત્ર શાંતિભાઈ, નિલેશભાઈ તથા પોત્રી દિશાબેન સપરિવાર રહ્યા હતા. હરિજયંતીના દિવસે તુલસીપત્રથી શ્રી ઠાકોરજીના પૂજનનો લાભ પણ લીધો હતો. અ.નિ.કાનબાઈની આજીવન તીથી પણ નોંધાવી હતી. યજમાનોને મંદિર તરફથી પહેરામણી કરવામાં આવી હતી.

**શ્રી જનમંગલ કથા મહોત્સવ**

માંડવી મંદિર શ્રી સહજાનંદ સભામંડપમાં તા. ૧૪-૧૨-૨૦૨૧ થી ૧૮-૧૨-૨૦૨૧

દરમિયાન ઉપમહંત સાં.યો. કાનબાઈના શિષ્યા મંડળના બહેનો સાં.યો. પ્રિતીબાઈ, સાં.યો. હિનાબાઈ, સાં.યો.જવબાઈ તથા સાં.યો.પુષ્પાબાઈ આમ ચાર બહેનોના યજમાન પદે શ્રી જનમગંલનામાવલીની પંચાહ્ન પારાયણનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. એકાદશીના દિવસે બહેનોના મંદિરેથી પોથી યાત્રા નિકળી મંદિરને પ્રદક્ષિણા કરી સભામંડપમાં આવી હતી અને દીપપ્રાગ્ટય કરી પોથી, વ્યાસપૂજન બાદ કથાની શરૂઆત કરવામાં આવી હતી. પુરાણી શ્રીપ્રકાશદાસજી, શા. સ્વામી અક્ષરમુનિદાસજી, પુરાણી સ્વામી દેવવિહારીદાસજી આદિ સંતો પોતાની સુમધુર શૈલિમાં એક એક મંત્રના અર્થ સાથે કથા સંભળાવી હતી. ત્રિજા દિવસે શ્રીહરિ માંડવી આગમન ઉત્સવ ઉજવાયો હતો. ૧૧ તારીખે એક દિવસીય ીહરિયાજ્ઞનું આયોજન કરાયું હતું. ૯ ભૂદેવો દ્વારા ીજનમગંલ પુરશ્ચરણ કરાયું હતું. (૧૧ હજાર પાઠ) . નાની મોટી સેવા કરનારને પહેરામણી કરવામાં આવી હતી. ૫ દિવસ માંડવી ચારેકાંધાના ભક્તોને સઘરી આમંત્રી મહાપ્રસાદ અપાયો હતો. પીરસવાની સેવામાં કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક યુવતી મંડળના બહેનો - યુવાનો સુચારુ સેવા શોભાવી હતી. સાં.યો. બહેનોના સંબંધીઓએ મોસાળુ પણ કરેલ હતું. આ પ્રસંગે ૫ દિવસ ગાયોને ચારો અપાયો હતો. માંડવી મંદિરના મહંત સ્વામી તથા ભુજ મંદિરના ઉપમહંત સ્વામી આદિ મોટી સંખ્યામાં સંતો પધાર્યા હતા. અંજાર, પ્રસાદી મંદિર તથા ભુજ મંદિર શૈક્ષણિક સંસ્થાઓના સંચાલક સંતો પણ પધારી દર્શન આશીર્વાદ પાઠવ્યા હતા. ત્રીજા દિવસે રાત્રે સત્સંગમાં અંગ મારું ઉપર સ્વામી રાઘવમુનિદાસજીએ પ્રેઝન્ટેશન રજુ કર્યું હતું.

સંગીતમાં સ્વામી શ્રીજીનંદનદાસજી, સ્વામી દેવપ્રિયદાસજી તથા પાર્ષદ નારણભગત રહ્યા હતા. સભા સંચાલન કો. શા. સ્વામી અક્ષરપ્રિયદાસજીએ તથા કો. સ્વામી સર્વમંગલદાસજી સંભાળ્યું હતું. આ મહોત્સવ પ્રસંગે માંડવી શ્રી ઘનશ્યામ મહારાજને મહામૂલ્ય સુવર્ણનું કંઠમાંધારી શકાય એવું આભૂષણ અર્પણ કરાયું હતું.

તા. ૧૭-૧૨-૨૦૨૧ કથાના ૪ દિવસે શ્રી ઠાકોરજીની નગરયાત્રા કાઢવામાં આવી હતી. ભુજ ચોવીશીના મંડળીવાળા ભક્તો પોતાના વાજીંત્રો લાવી ખૂબજ રમ્યા હતા. માધાપર, બળદીયા ની.વા. ના ભકતોએ વાહન રથ તથા ટ્રેન બનાવી સહયોગી થયા હતા.

આ પ્રસંગે ૩ દિવસ ગાદીવાળા શ્રી પધાર્યા હતા. અને યજમાન બહેનો તથા દરેક કાંધામાંથી બહેનો દર્શન આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

ઉત્સવમાં અંજાર વિસ્તારના ધારાસભ્ય માનનીય વાસણભાઈ આહિર તેમજ અન્ય રાજકીય પુરુષો પધારી ઉત્સવમાં સહભાગી થયા હતા.

છેલ્લે પૂજ્ય માંડવી મંદિરના મહંત સ્વામીએ રૂડા આશીર્વાદ સાથે યજમાન બહેનોને પહેરામણી કરાઈ હતી અને દેશ વિદેશના ભક્તો વચ્ચે આ ઉત્સવ ધામધૂમથી ઉજવાઈ ગયો.

**શ્રી વચનામૃતની ૨૦૨ જયંતી**

તા. ૦૭-૧૨-૨૦૨૧ના રોજ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરાવાણીની માગસર સુદ- ૪ હોવાથી શ્રી ઠાકોરજીના સાનિધ્યમાં ૧૦૮ મંત્રો દ્વારા પૂજન કરવામાં આવ્યું હતું. અને સંતો દ્વારા મોટી સંખ્યામાં હરિભક્તો પોતાનું નિત્ય વાંચનનું

વચનામૃત લાવ્યા હતા અને વાંચન પૂજન થયું હતું. આરતી બાદ પુષ્પાંજલીને પ્રાર્થના કરવામાં આવી હતી. મહંત સ્વામીએ પહેલું વચનામૃત વાંચન કરી કથા કરી વચનામૃતનો મહિમા સમજાવ્યો હતો.

**ધનુર્માસ ધૂન**

તા. ૧૬-૧૨-૨૦૨૧ થી ૧૪-૦૧-૨૦૨૨

દરમિયાન ધનુર્માસ હોવાથી સંપ્રદાયની રીત પ્રમાણે શ્રી ઠાકોરજીના થાળ વહેલા કરવાના હોય છે. આમ મંગળ ૫.૧૫, શણગાર ૬.૦૦ કલાકે અને રાજભોગ ૭.૧૫ કલાકે થતી હોવાથી ૬ થી ૭ શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂનનું આયોજન રાખેલ છે. દેશ - વિદેશના અનેક ભક્તો ધૂન લખાવી ત્યાં બેઠા થકા ધૂન બોલે છે અને ભગવાન મય થવાના પ્રયત્નો કરે છે. આપ સૌ જયાં હો ત્યાં થોડા સમય માટે પણ ૧ મહિનો ધૂન કરવાનો આગ્રહ રાખજો.

કો. શા. સ્વામી સર્વમંગલદાસજી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - ભચાઉ પંચાહ્ન પારાયણ**

તા. ૦૨-૧૨-૨૦૨૧ થી ૦૬-૧૨-૨૦૨૧

શ્રી સ્વામિનારાયણ મંદિર ભચાઉના ૧૬ માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણનું આયોજન શ્રી નાનજીભાઈ પાંચા, નરશી પાંચા, લાલજી પાંચા, ખુથીયા પરિવારના યજમાન પદે યોજાયું હતું.

કથાના વક્તા શા. સ્વામી આનંદવલ્લભ દાસજી, શા. સ્વામી હરિકૃષ્ણદાસજી, શા. સ્વામી ઘનશ્યાદાસજી રહી સુમધુર કથાનું રસપાન કરાવ્યું હતું. સ્વામી નિલકંઠમુનીદાસજી એ સંગીતમાં પોતાના કંઠ પ્રદાન કર્યો હતો. આ પ્રસંગે શ્રી રામજન્મોત્સવ, શ્રી કૃષ્ણજન્મોત્સવ, રાસોત્સવ, શાકોત્સવ જેવા અનેક આયોજનો થયાં હતાં. ભુજ, અંજાર, માંડવી, પ્રસાદી મંદિરથી સંતો પધારી આશીર્વાદ પણ આપ્યા હતા. આ પ્રસંગને યાદગાર બનાવવા મુંબઈથી મોટી સંખ્યામાં ખુથીયા અને નીસર પરિવારના હરિભક્તો પધાર્યા હતા. બહેનોને સત્સંગનું પોષણ આપવા ખાસ રાપરથી સાં.યો બહેનો પધાર્યાં હતાં. મંડળના મોટેરા સંતોમાં સ.ગુ. સ્વામી અક્ષરવલ્લભદાસજી, સ.ગુ. સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી, તેમજ મંડળધારી કો. સ્વામી દેવપ્રકાશદાસજી એ પણ અહીં રોકાઈને આશીર્વાદ પાઠવ્યા હતા. તા. ૦૬-૧૨-૨૦૨૧ ના સવારે અન્નકૂટની આરતી કરી ત્યાર બાદ સભામાં અભિષેક દર્શનનો લ્હાવો તમામ હરિભક્તો અને યજમાન પરિવારે લીધો હતો.

કથાનું લાઈવ ટેલીકાસ્ટ ભુજ મંદિરના યુ-ટ્યૂબ ચેનલ તથા પવિત્રા યુ-ટ્યૂબ ચેનલ પરથી કરવામાં આવ્યું હતું. જેમા પૂ. સ્વામી કેશવજીવન દાસજી તથા સ્વામી નૌતમપ્રકાશદાસજી નો સહકાર પ્રાપ્ત થયો હતો. અંતે પ્રસંગને ભચાઉની કાર્યવાહક કમિટિની સંપૂર્ણ સહકાર મળ્યો હતો. તેમજ તેમના નેજા હેઠળ ખૂબ ધામધૂમથી કથાનું આયોજન સંપન્ન થયું હતું.

શા.સ્વામી આનંદવલ્લભદાસજી

# વિદેશ સમાચાર

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ, કંપાલા-યુગાન્ડા

પૂર્વ આફ્રિકામાં આવેલ યુગાન્ડા દેશના પાટનગર કંપાલા મધ્યે તારીખ ૧૪ નવેમ્બર ના રોજ શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, કંપલા ખાતે જુના મંદિરેથી ઠાકોરજીને ભુજ મંદિરથી પધારેલા ઉપમહંત સ. ગુ. ભગવદ્જીવન સ્વામી તેમજ વરિષ્ઠ સંતો ની ઉપસ્થિતિમાં, તેમના વરદ હસ્તે શાસ્ત્રોક્ત વિધીથી ઉત્થાપન કરીને નિર્માણ પામી રહેલા નૂતન મંદિરના બેઝમેન્ટ માં પધરાવવામાં આવેલ છે.

આ શુભ કાર્ય માટે ભુજ મંદિરના મહંત પરમ પૂજ્ય સદગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, પાર્ષદ જાદવજી ભગત તેમજ વરિષ્ઠ સંતો એ શુભ આશીર્વાદ પાઠવેલ હતા.

આથી પહેલાં ઈ. સ. ૧૯૯૭ માં ઉપાસ્ય દેવોની પ્રતિષ્ઠા નરનારાયણ દેવ ગાદીના તત્કાલીન આચાર્ય તેજેન્દ્રપ્રસાદજી મહારાજના આજ્ઞા પત્ર થી ભુજ મંદિરના વરિષ્ઠ સંતો દ્વારા આજથી ચોવીસ વરસ પહેલાં કરાઈ હતી અને અહીના સત્સંગીઓએ આસ્થા અને પરિસ્થિતિ મુજબ નાના મંદિરનું નવ નિર્માણ કરેલ હતું ત્યારથી અહીના સત્સંગીઓ દર્શન, કથાવાર્તા અને મહોત્સવ આ મંદિરમાં ઉજવી રહ્યા હતા. સમય જતાં આ મંદિર બહુ સાંકડું પડતું હતું એટલે આઠ વરસ પહેલાં પ. પૂ. મહંત સ્વામીએ એક દિવ્ય અને સુંદર મંદિર બનાવવા આજ્ઞા કરી હતી અને તેઓએ અહીના હરિભક્તો અને જ્ઞાતિ બંધુઓ સાથે એક મોટી વિશાળ જગ્યા નિહાળીને અહી એકજ સંકુલમાં બધા પ્રકારની સુવિધા ઉપલબ્ધ થાય તેવા આશીર્વાદ આપ્યા હતા અને આ જવાબદારી દાતાશ્રી હસમુખભાઈ ભુડિયા એ પોતાની પીઠ ઉપર લીધેલ છે.

આ વિશાળ જગ્યાએ જયાં નૂતન મંદિર, હોસ્પિટલ, શાળા, રહેણાકના મકાનો, રમત ગમતના વિશાળ મેદાનો, બગીચાઓ તેમજ તળાવ એમ બધીજ પ્રકારની સગવડો એકજ જગ્યાએ નજીકના સમય માંજ ઉપલબ્ધ થવાની છે.

પ્રકાશભાઈ કારા

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર - બોલ્ટન

દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળીના સર્વે ઉત્સવો ધામધૂમથી ઉજવવામાં આવેલા તેમાં કાળીચૌદશના દિવસે આપણા ભુજધામથી પધારેલ સંતોમાં પુરાણી સ.ગુ.સ્વામી કેશવજીવનદાસજી "શ્રી હનુમાનજી મહારાજનું" શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કરાવી સૌ હરિભક્તોને આનંદિત કરી અને બીજે દિવસે દિવાળીના પર્વમાં રાત્રીએ "શ્રી લક્ષ્મી પૂજન" તથા "શ્રી ચોપડા પૂજન" પણ સૌ સત્સંગી ભાઈઓ તથા બહેનો એ પ્રથમવાર સંતોની હાજરીમાં અલભ્ય લાભ લઈ અને પોતાના જીવનમાં ધન્યતા અનૂભવી હતી. ત્યારબાદ બીજે જ દિવસે તા.૦૫-૧૧-૨૦૨૧ને શુક્રવારે બેસતાં નવાં વર્ષ નિમિત્તે અન્નકૂટની નવી નવી વાનગીઓ અહીં ના સર્વે હરિભક્તો સાથે મળી બનાવેલ અને શ્રી ઠાકોરજીની આગળ ધરેલ.

આ વાનગીઓ બનાવવામાં આપણા સંતોએ પણ પોતાનો સહયોગ આપેલો અને ત્યાર પછી આરતીનો સૌથી ઉચો આંક આપીને ગામ દહીંસરાના હાલે બોલ્ટનમાં રહેતા અ.નિ.માવજીભાઈ વિશ્રામ ખીમાણી તથા ગં.સ્વ. માનબાઈ માવજી ખીમાણી તથા પુત્રી શુશિલાબેન માવજી ખીમાણી આદિ સપરિવાર તરફથી તથા બીજા અ.નિ. વાલજીભાઈ કેસરા હાલાઈ ગ.સ્વ. પ્રેમીલાબેન વાલજી હાલાઈ સુપુત્ર મિતેશ

વાલજી તથા હિતેશ વાલજી હાલાઈ આદિ સપરિવાર લાભ લીધેલો. અને આ ઉત્સવમાં અહિં બોલ્ટનના કાઉન્સલરો એ પણ પોતાનો કિંમતી સમય કાઢી હાજરી આપેલી.

## દેવ દિવાળી ઉત્સવ

તા.૧૯-૧૧-૨૦૨૧ ના શુક્રવારના પૂજ્ય ભૂદેવોની હાજરીમાં દર સાલની જેમ આ વર્ષે પણ આપણો "તુલસી વિવાહ" ધામધૂમથી ઉજવવામાં આવેલ. જેમાં શ્રી તુલસીબાઈ ના માવિત્ર તરીકે ના યજમાન શ્રી નરેન્દ્રભાઈ કરસન પિંડોરીયા સપિવાર - રોહા સુખપરના થયેલ. અને લાલજી મહારાજના યજમાન અલ્પેશભાઈ હરિષ નાદાણી સપરિવાર - કેરા થયેલ. ત્યારબાદ મંદિર તરફથી સહુને ભોજન પ્રસાદ આપાવામાં આવેલ.

દેવજી વિશ્રામ ગાંગજીઆણી

## શ્રી સ્વામિનારાયણ મંદિર - યુ.કે.

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ યુ.કે. દ્વારા આયોજિત ×સમત્વ× શિબિર, જેમાં કોઈ પણ પરિસ્થિતિમાં મનને કેવી રીતે શાંત રાખવું એની શિખામણ અક્ષરજીવન સ્વામીના પત્ર દ્વારા આપવામાં આવેલ. યુ.કે.ના બાળકો અને યુવાન ભક્તો ભેગા થઇ અને અદ્ભુત સત્સંગનો લાભ લીધો. "SSYM–સ્વાધ્યાય" એ નામનું એક નવું સત્સંગ અભ્યાસ-ક્રમનું પ્રકાશન થયું.

---

### : શ્રીઘનશ્યામ બાળસંદેશ :-

# ભક્તોના ભાવ પૂરા કરે ભગવાન

લેખક :- શા.સ્વામી સંતસ્વરૂપદાસ

શ્રી હરિ કાળાતળાવ - તેરાથી નીકળી ગામ માનકુવે પધાર્યા. નાથા સુથારને ઘેર ઉતારો કર્યો. સભા થઇ, લોકો કથા સાંભળવા આવે. કથા પૂર્ણ થઇ એટલે ભક્તો શ્રીહરિને પગે લાગીને નીકળવા લાગ્યા. ત્યારે એક બહેન શ્રીહરિને પગે લાગીને કહ્યું : "હે મહારાજ ! કાલ અમારે ત્યાં રસોઇ છે. ૧૦૦ સંતો સહિત આપ જમવા પધારજો." બહેનની પ્રાર્થના સાંભળી શ્રીહરિએ કહ્યું : "સારું આવશું, રસોઇ કરાવો." બહેન તો ખુશ થઇ પોતાને ઘેર ગયાં. સવાર થઇ રસોઇની તૈયારી કરવા લાગ્યાં.

આ બાજુ શ્રીહરિએ સાધુને કહ્યું : "સંતો ! શ્રી ગુરુચરણરતાનંદ સ્વામી આદિક સાત સંતો અહીં રહો. અને બીજા સર્વે સંતો સત્સંગ પ્રચાર માટે ગામડાં ફરવા જાઓ." મહારાજની આજ્ઞા થતાં સંતો વહેલી સવારે ચાલી નીકળ્યા. આ વાતની જાણ રસોઇ કરાવતાં પહેલાં બહેનને થઇ. એટલે તરત દોડી મહારાજ પાસે આવીને કહ્યું : "હે મહારાજ! રસોઇની તૈયારી થઇ ગઇ છે. અને આપ સંતોને ગામડાં ફરવા મૂકી દીધા. હવે મારી બનાવેલી રસોઇ એમને એમ પડી રહેશે. સો જણની રસોઇ કોણ જમશે?"

શ્રી હરિ કહે : "તમારી રસોઇ પડી નહીં રહે, તમે ઘરે જઇ તૈયારી કરો, અમે સંતોને લઇ આવીએ છીએ" પછી શ્રીહરિ સાત સાધુને લઇને જમવા પધાર્યા. બહેને શ્રીહરિ અને સંતોનું સ્વાગત કરાવ્યું. શ્રીહરિએ તેના ઘરની ઓસરીમાં સાધુને જમવા બેસાડ્યા. પછી શ્રીહરિએ બહેનને કહ્યું : "તૈયાર કરેલી રસોઇ લાવો, સંતોને પીરસિયે." બહેને જેટલી રસોઇ તૈયાર કરી હતી તે મહારાજની આગળ મેલી, શ્રીહરિ સ્વહસ્તે સંતોને પીરસવા લાગ્યા. શ્રીહરિએ જેટલું પીરસ્યું તેટલું બધું સાત સંતો જમી ગયા. શ્રીહરિએ બહેનને કહ્યું :

"જમવાનું લાવો, સંતો હજુ તૃપ્ત થયા નથી."

બહેન રસોડામાં જઇને વિચાર્યું કે - મહારાજને શું આપું ? રસોડામાં તો કંઇ છે નહિ. તે વખતે હરિભક્તોએ કહ્યું : "કેમ છે બહેન ! મહારાજ અને સંતો રાહ જુએ છે. ઘરમાં જે હોય તે લાવો" બહેન કહે : "શું લાઉ ભાઇ! રસોડામાં તો કાંઇ છે નહિ. જેટલી રસોઇ કરી હતી એટલી શ્રીહરિએ આ સાત સંતોને જમાડી દીધી." હરિભક્તોએ કહ્યું : "જેમ દુર્વાસામુનિ સર્વે ગોપીઓના થાળ જમી ગયા છતાં ઉપવાસી રહ્યા, તેમ આ સાત સાધુ સો સંતોની રસોઇ જમી ગયા છતાં ઉપવાસી જ રહ્યા. માટે આ સંતો પણ દુર્વાસા જેવા સમર્થ છે. હવે બહેન! 'તમો જ મહારાજને પ્રાર્થના કરો, મહારાજ બહુ દયાળુ છે.' બહેને શ્રીહરિની પ્રાર્થના કરી : "મહારાજ હવે ઘરમાં કંઇ છે નહિ." શ્રીજીમહારાજ તૃપ્ત થઇ સંતોને ચળુ કરવાની આજ્ઞા કરી. શ્રીહરિ બહેનનો સંકલ્પ પૂર્ણ કરી નાથા સુથારને ઘેર પધાર્યા.

- આવી જ માનકુવાની બીજી વાત સાંભળીએ.

માનકુવામાં લવજી નામે અબોટી બ્રાહ્મણ રહે. અનેક દેવ-દેવીઓને માને, યંત્રમંત્ર કરે. તેમની પત્નીનું નામ ડાહીબાઇ હતું. ડાહીબાઇ સત્સંગી. એક દિવસ ડાહીબાઇએ શ્રીહરિને પોતાને ઘેર જમવાનું આમંત્રણ આપ્યું. સંતો સાથે શ્રીહરિ અબોટી બ્રાહ્મણને ઘેર જમવા પધાર્યા. ઘરની ઓસરીમાં ડાહીબાઇએ આસન પાથરી આપ્યું તે ઉપર મહારાજ બેઠા. શ્રીહરિએ બેઠાં બેઠાં એમના ઘરમાં દૃષ્ટિ કરીને જોયું, ત્યાં તો ઘરમાં સિંહાસનમાં લાકડાનાં તથા લોખંડનાં અનેક સિંદૂર લગાવેલા પૂતળાં દીઠાં. તે જોઇને શ્રીહરિએ કહ્યું : "ભૂદેવ! આ શું છે ? આટલાં બધાં દેવલાં ! જંતરમંતર અને દેવલાં હોય ત્યાં અમારું શું કામ છે ? માટે અમે તમારા ઘરનું નહિ જમીએ. અમે અમારે નિવાસે જશું અને ત્યાં જમશું. એમ કહી શ્રીહરિ મંડયા ચાલવા. લવજી વિપ્રએ હાથ જોડી વિનંતી કરી : "પ્રભુ ! થાળ જમીને જાઓ." શ્રીહરિએ કહ્યું : "પાખંડની સાથે અમારે બને નહિ, કાં તો અમને રાખો, કાં તો આ દેવલાંને રાખો."

સાચી ઓળખ થઇ હોય, સાચો મોક્ષનો ખપ હોય, એવા ભગત તો ભગવાનને જ રાખે. લવજી ભક્તને મોક્ષનો ખપ હતો. તેથી શ્રીહરિને કહ્યું : "મહારાજ! જેમ તમે કહેશો એમ કરીશ. પણ આપ મારે ઘેર રહો." શ્રીહરિએ કહ્યું : "તો પહેલાં માથે મોટો ચોટલો છે, તે ઉતરાવી નાખો. જંત્ર-મંત્ર, નાટક-ચેટક, પાખંડ બધુ હવેથી બંધ અને ધૂણવું પણ નહિ. અને આ દેવલાંઓને તળાવમાં પધરાવી આવો." મહારાજની આજ્ઞા થતાં લવજી વિપ્ર તત્કાળ ગાંઠડી બાંધીને દેવલાંને તળાવમાં પધરાવી દીધાં.

પછી શ્રીહરિએ એમના હાથનું બનાવેલું ભોજન જમ્યા. જમીને મહારાજ ઉતારે પધાર્યા. ત્યાર પછી લવજી વિપ્ર વાળંદને બોલાવી માથાના વાળ ઉતરાવી નાખ્યા. સ્નાન કરી શ્રીહરિને પાસે ગયા. શ્રીહરિએ એમને હાથમાં પાણી આપી, કંઠમાં કંઠી પહેરાવી વર્તમાન ધરાવ્યા. ત્યારથી લવજી ભગત શ્રીહરિના પાકા સત્સંગી થયા. પાકા ભગત થયા.

બાળમિત્રો, આપણે પણ અનેક દેવ-દેવલાંમાં, જંત્ર-મંત્ર કે નાટક-ચેટકમાં પ્રતીતિ રાખવી નહિ. એક જ ભગવાન સ્વામિનારાયણનું ભજન કરવું.

બાળમિત્રો, આપણે પણ અનેક દેવ-દેવલાંમાં, જંત્ર-મંત્ર કે નાટક-ચેટકમાં પ્રતીતિ રાખવી નહિ. એક જ ભગવાન સ્વામિનારાયણનું ભજન કરવું.

# -: જ્ઞાન સરિતા :-

## -: જ્ઞાનમાળા :-

૧. છ ઋતુઓના નામ જણાવો?

(અ) ગ્રીષ્મ, પ્રાવૃષ, (બ) હેમન્ત, શિશિર

(ક) વસંત, શરદ (ડ) શિયાળો, ઉનાળો

૨. સ્વહસ્તે કેટલા મંદિરો બંધાવેલા છે?

(અ) ૮ (બ) ૯

(ક) ૬ (ડ) ૪

૩. સત્સંગના કયા છ અંગો છે?

(અ) દેવ, આચાર્ય (બ) મંદિર, શાસ્ત્ર

(ક) યજ્ઞ, ઉત્સવ (ડ) સાધુ, સત્સંગી

૪. છ ઊર્મિ (ષડૂર્મિ) કોને કહેવાય?

(અ) દુઃખ, દોષ (બ) ક્ષુધા, પિપાસા

(ક) જરા, મૃત્યુ (ડ) શોક, મોહ

૫. વેદનાં કેટલા અંગ છે?

(અ) ૬ (બ) ૮

(ક) ૯ (ડ) ૪

૬. કયા છ જણની નિંદા ન કરવી?

(અ) વિપ્ર, વેદ (બ) પતિવ્રતા, સાધુ

(ક) પીર, ફકીર (ડ) દેવતા, તીર્થ

૭. છ પ્રકારના રસમાંથી એમાં કયા બે રસ નથી?

(અ) કડવો, તીખો (બ) મીઠો, તૂરો

(ક) ગરમ, ઠંડો (ડ) ખાટો, ખારો

૮. છ પ્રકારના (ષડૈશ્વર્ય) ભગવાનના ઐશ્વર્યના નામ જણાવો?

(અ) બળ, તેજ (બ) ઐશ્વર્ય, શક્તિ

(ક) જ્ઞાન, વીર્ય (ડ) ચમત્કાર, યોગ

૯. શ્રીહરિના ડાબી ચરણમાંથી આમાંથી કયાં છ ચિહનો છે?

(અ) અંકુશ, ધ્વજ (અ) ત્રિકોણ, કળશ

(ક) ગોપદ, ધનુષ્ય (ક) વ્યોમ, મીન, અર્ધચંદ્ર

૧૦. સત્સંગિભૂષણના કેટલા અંશ છે?

(અ) ૫ (બ) ૪

(ક) ૬ (ડ) ૧૮

## -: શબ્દ રચના :-

એક અક્ષર પરથી નીચે આપેલા શબ્દો પૂર્ણ કરો

(૧) શરૂમાં ઘ (ઘરનો)

૧. ઘ...... -શ્રીહરિનું નામ

૨. ઘ...... -ભીમના પુત્રનું નામ

૩. ઘ...... -સમય જણાવતું યંત્ર

૪. ઘ.. .. - શેકેલા લોટની વાનગી

(૨) બીજો અક્ષર (ઘ)

૧...ઘ.... -ઈન્દ્રનું નામ

૨...ઘ.... -ચોવીસીનું એક ગામ

૩...ઘ.... -અયોગ્ય બનાવ

૪...ઘ...... -વરસાકાળે થતું એક દશ્ય

(૩) ત્રીજો અક્ષર (ઘ)

૧.....ઘ.. -ઢોલ જેવું વાદ્ય

૨.....ઘ.. -દશરથ પુત્ર

૩.....ઘ -ભગવાન વિષ્ણુનું નામ

૪.....ઘ.. -શોભાયાત્રા-સરઘસ

(૪) ચોથો અક્ષર (ઘ)

૧.......ઘ..- સતત સુગંધ રેલાવું.

૨.......ઘ-પાપનો ઢગલો

૩.......ઘ-રાજયોના પ્રતિનિધિઓની સભા

૪.......ઘ- નરસિંહનો પર્યાય

## શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

- ૨૦૧- કરસનભાઈ ઝીણા જેસાણી સપરિવાર શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે - બળદીયા
- ૧૫૧ - શ્રેયાબેન ભાંવેશ બ્રહ્મભટ્ટ જન્મદિવસ નિમિત્તે - ભુજ
- ૨૦૦ - કિશોરભાઈ ગોંવિદ પિંડોરીયા જન્મદિવસ નિમિત્તે - માધાપર
- ૨૦૦ - ક્રિષ્ના કિશોર પિંડોરીયા જન્મદિવસ નિમિત્તે - માધાપર
- ૨૦૦ - મિનાબેન કશોર પિંડોરીયા જન્મદિવસ નિમિત્તે - માધાપર
- ૨૫૦ - પ્રિયંનકા કલ્યાણ કેરાઈ લગ્ન પ્રસંગ નિમિત્તે - નારણપર
- ૧૦૦૦ - હરિશભાઈ રામજી વેકરીયા પુત્ર વિષ્ણુના લગ્ન પ્રસંગે - નારણપર (ની.વા)
- ૧૫૦૦ - ખીમજીભાઈ નાથા હિરાણી ભુજ મંદિર, પ્રસાદિ મંદિર, અંજાર મંદિર, માંડવી મંદિર શ્રી ઠાકોરજીના થાળ, રસોઈ, સંતોના ધોતીયા - સુખપર
- ૧૫૦૦ - વેલબાઈ ખીમજી હિરાણી ભુજ મંદિર, પ્રસાદિ મંદિર, અંજાર મંદિર, માંડવી મંદિર શ્રી ઠાકોરજીના થાળ, રસોઈ, સંતોના ધોતીયા - સુખપર
- ૧૦૦૦ - રવજીભાઈ ખીમજી હિરાણી ભુજ મંદિર, પ્રસાદિ મંદિર, અંજાર મંદિર, માંડવી મંદિર શ્રી ઠાકોરજીના થાળ, રસોઈ, સંતોના ધોતીયા - સુખપર
- ૨૦૦ - નિમાબેન રજન ચૌહાણ જન્મદિવસ નિમિત્તે - પુને
- ૨૫૧ - અ.નિ. અરવિંદ હિરજી વસ્તાણી જન્મદિવસ નિમિત્તે - કેરા
- ૧૦૦૦ - અ.નિ. રુડીબાઈ મનજી જાગાની ની પુણ્યસ્મૃતિમાં - સુરજપર
- ૧૦૦૦ - જિનલબેન કુરજી વરસાણી તથા ભૂમિ કુરજી વરસાણી સગાઈ નિમિત્તે - ભારાસર
- ૨૫૧ - રામજીભાઈ વાલજી જેસાણી શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે - બળદીયા
- ૧૦૦૦ - અ.નિ. મનજી સામજી સેંઘાણીના સુપુત્ર કુશ ધ.પ. જયોતીબેનના લગ્ન પ્રસંગે - નારણપર (ની.વા)
- ૨૦૦ - નમ્ર રોહિત ચૌહાણ જન્મદિવસ નિમિત્તે - પુને

---

### ખાશ કરીને ગ્રાહકો માટે અગત્યની સૂચના

શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશના ગ્રાહકોને જણાવવાનું કે 'ધર્મસંદેશ' વોટ્સએપથી મેળવવા આપ આપનું નામ, ગ્રાહક નંબર (અંકના કવર - રેપર પર દર્શાવેલ હોય છે) ગામનું નામ અને આપના મોબાઈલ નંબર વિના વિલંબે (૭૫૬૭૬૦૪૦૦૦) આ નંબર ઉપર મોકલી આપશો. પોસ્ટની સાથે આપના ફોનમાં પણ આ ધર્મસંદેશ અંક મોકલી આપવામાં આવશે.




# શ્રી સ્વામિનારાયણ મંદિર અંજાર મધ્યે ભવ્ય રીતે ઉજવાયો સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ - અંજાર









RNI NO. GUJ/GUJ/2001/5643
Shree Swaminarayan Dharmasandesh
Postal Regd. No. GKCH-158/2021-2023
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ / STG OFFICE
WPP Lic No. G-PMG-RJT/011/2022/UPTO 31-12-2022

# માંડવી મંદિર મધ્યે જ સાં.યો. બહેનોના યજમાન પદે ભવ્ય રીતે શ્રી જનમંગલ નામાવલી પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો - માંડવી

